Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156

શ્રી

# જૈનધર્મ પ્રકાશ.

कर्तव्यं जिनवंदनं विधिपरैर्हर्षोल्लसन्मानसैः ।
सच्चारित्रविभूषिताः प्रतिदिनं सेव्याः सदा साधवः ॥
श्रोतव्यं च दिने दिने जिनवचो मिथ्यात्वनिर्नाशनं ।
दानादौ व्रतपालनं च सततं कार्या रतिः श्रावकैः ॥ १ ॥

"વિધિને વિષે તત્પર અને હર્ષથી ઉલ્લસિત મનવાળા શ્રાવકોએ પ્રતિદિન શ્રી જિનેંદ્રને વંદન કરવું, સત્ ચારિત્રવડે સુશોભિત એવા મુનિરાજોની સદા સેવા કરવી, મિથ્યાત્વનો નાશ કરનાર જિનવચન પ્રતિદિન સાંભળવું અને દાનાદિક (દાન, શીલ, તપ અને ભાવના)ને વિષે તથા અહિંસાદિક વ્રતને પાળવામાં નિરંતર આસક્તિ રાખવી."

સુક્તમુક્તાવલિ.

પુસ્તક ૨૬મું. માહ સંવત્ ૧૯૬૭. શાકે ૧૮૩૨. અંક ૧૧મો.

પ્રગટકર્ત્તા

શ્રી જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર.

૧ નૂતન વર્ષ પ્રાર્થના. ... ... ૩૨૨
૨ આત્મધર્મ. ... ... ... ૩૨૩
૩ [illegible] એક ઉપાય. ૩૩૧
૪ બ્રહ્મચર્ય. ... ... ... ૩૩૫
૫ સર્વજ્ઞ ધર્મની યોગ્યતા.
૬ આદમી જૈન શ્વેતાંબર
૭ ઉપદેશમાળાના કર્ત્તા સંબ

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યું.

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) પોસ્ટેજ ચાર આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લાઇફ મેમ્બરોને ભેટ.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના લાઇફ મેમ્બરોને સભાના કાયદા પ્રમાણે નીચે જણાવેલા પુસ્તકો ભેટ દાખલ આપવામાં આવશે. બહારગામવાળાને પોસ્ટેજ પૂરતા વેલ્યુપેબલથી મોકલવામાં આવશે.

૧ ચઉસરણાદિ ચાર પયન્ના મૂળ ( શ્રાવક યોગ્ય. )
૨ દ્વાત્રિંશત્ દ્વાત્રિંશિકા. સ્વોપજ્ઞ ટીકાયુક્ત.
૩ કર્મગ્રંથ ચાર. સટીક. (વિભાગ પહેલો)
૪ પ્રશમરતિ. ટીકા પંજીકા સહિત.
૫ નવાણુ યાત્રાનો અનુભવ.
૬ યોગબિંદુ. ટીકા સહિત.

નીચે જણાવેલી બુકો રૂા. ૧) બાદ કરીને જે લાઇફમેમ્બર મગાવશે તેમનેજ મોકલવામાં આવશે.

૭ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. પદ્યબંધ. સંસ્કૃત. રૂા. ૨–૦–૦
૮ શ્રી ઉપદેશમાળા ભાષાંતર. ૭૦ કથાઓ સહિત. રૂા. ૧–૮–૦
૯ શ્રી ઉપદેશપ્રાસાદ ભાષાંતર, ભાગ ૫ મો. (સ્તંભ ૨૦ થી ૨૪) રૂા. ૨–૦–૦

ખાસ સૂચના—નંબર ૨–૩–૪–૬ની બુકો ને પ્રતો સંસ્કૃતમયજ હોવાથી જે લાઇફમેમ્બરો મંગાવશે તેમનેજ મોકલવામાં આવશે.

---

## ખાસ ઘટાડેલી કિંમત.

## ઉપદેશ માળા ભાષાંતર. (૭૦ કથાઓ સહિત )

આ ગ્રંથ એટલો બધો ઉપયોગી, ઉપદેશક અને રસિક છે કે તેને માટે વ્યાખ્યાન કરવા કરતાં તે સાદ્યંત વાંચવાની ભલામણ કરવી એજ યોગ્ય લાગે છે.

આ ગ્રંથનો ફેલાવો જેમ બને તેમ વધારે કરવાના ખાસ હેતુથી તેમજ ભાવનગરના શ્રાવિકાસમુદાય તરફથી તેમાં સારી રકમ મળેલી હોવાથી તેની કિંમત એકદમ ઘટાડીને રૂા. ૨ા નો રૂા. ૧ા કરવામાં આવ્યો છે. સુપર રોયલ ૫૦ ફારમની ઊંચી છાપ, ઉંચા કાગળ, ઉંચા બાઇડીંગવાળી આ બુકની કિંમત બહુજ ઘટાડવાથી તેનો ઉઠાવ બહુ ટુંકી મુદતમાં થઈ જવા સંભવ છે, માટે જેની ઇચ્છા હોય તેણે તરતજ મંગાવવા લખવું. બહાર ગામ વાળાએ પોસ્ટેજના ચાર આના વધારે મોકલવા અથવા વેલ્યુપેબલથી મંગાવવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्म प्रकाश.

ततः प्रसन्नहृदया गुरवस्तेभ्यो गृहस्थावस्थोचितं साधुदशायोग्यं च प्रतिपादयन्ति धर्ममार्गं । ग्राहयन्ति तदुपार्जनोपायं महायत्नेन । यदुत भो भद्राः सद्धर्मसाधनयोग्यत्वमात्मनोऽभिलषद्भिर्भवद्भिस्तावदिदमादौ कर्तव्यं भवति । यदुत सेवनीया दयालुता । न विधेयः परपरिभवः । मोक्तव्या कोपनता । वर्जनीयो दुर्जनसंसर्गः । विरहितव्यालिकवादिता । अभ्यसनीयो गुणानुरागः । न कार्या चौर्यबुद्धिः । त्यजनीयो मिथ्याभिमानः । वारणीयः परदाराभिलाषः । परिहर्तव्यो धनादिगर्वः । विधेया दुःखितदुःखत्राणेच्छा । पूजनीया गुरवः । वंदनीया देवसङ्घाः । सन्माननीयः परिजनः । पूरणीयः प्रणयिलोकः । अनुवर्तनीयो मित्रवर्गः । न भाषणीयः परावर्णवादः । गृहीतव्याः परगुणाः । लज्जनीयं निजगुणविकत्थनेन । स्मर्तव्यमण्वोऽपि सुकृतं । यतितव्यं परार्थे । संभाषणीयः प्रथमं विशिष्टलोकः । अनुमोदनीयो धार्मिकजनः । न विधेयं परमर्मोद्घट्टनं । भवितव्यं सुवेषाचारैः । ततो भविष्यति भवतां सर्वज्ञसद्धर्मानुष्ठानयोग्यता ।

उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૬ મું. માહા. સંવત્ ૧૯૬૭. શાકે ૧૮૩૨. અંક ૧૧ મો.

## नुतन वर्ष प्रार्थना*

લેખક—મોહનલાલ દલીચંદ દેશાઇ બી, એ. એલ, એલ, બી.

રાગ બિહાસ.

નવલ વિભૂતિ, જાઓ તમારી !
ધર્મ નીતિમાં અડગપણે રહી,
સ્વતંત્ર વિચારો નિત્ય વધારી. નવલ૦

જ્ઞાન શૌર્ય ને ભક્તિ પ્રસારી,
પૂજો પ્રભુને જે ભવહારી. નવલ૦

* કાર્તિક માસના અંકમાં રહી જવાથી આ અંકમાં મુકેલ છે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંતિસુધા વર્ષાવતું શુભ આ,
વર્ષ વધાવે રહો જયકારી. નવલ૦

## મૈથુન નિષેધક પદ.

### રાગ—કાફી.

( મહીનું મૂલ બતાવ પ્રેમદા એમ કરીરે— એ રાગ. )

બ્રહ્મચારીને પ્રણામ, કરી સુરપતિ શિર નામે. બ્રહ્મ૦
વિજયને વિજયાનું નિર્મળ શીલ, શરદ પૂનમ જેમ ચંદ્ર;
સુદર્શન ને શૂળિ સિંહાસન, કામ જીત્યા સ્થૂળિભદ્ર,
જગમાં શિયળ સોભાગી— બ્રહ્મ૦ ૧
સર્વથી સાધુ એ વ્રત પાળે, દેશથી પાળે ગૃહસ્થ;
નિજ દારા સંતોષી શ્રાવક, ત્યાગે પરસ્ત્રી સમસ્ત,
જસ ઘટ સુમતિ જાગી— બ્રહ્મ૦ ૨
વિધવા વેશ્યા બાળકુમારી, અપરિગ્રહિતા નાર;
વ્રતધારી સ્વપ્ને નવ ચિંતે, ત્રિકરણથી પરિહાર,
કરી નિજકુળ અજવાળે— બ્રહ્મ૦ ૩
મુખ મધુરી હૃદયે વિષવેલી, નારી નરક દુઆર;
મોહરાયની રાજધાની એ, તિક્ષણ કામ કટાર,
મારી ગુણવન બાળે— બ્રહ્મ૦ ૪
મૈથુન ધુર મીઠું પરિણામે, કટુ ફળ જેમ કિંપાક;
ઘોર દુઃખ અણુ સુખથી પ્રગટે, ઉદયે કર્મવિપાક,
કામથી સંત વિરામે— બ્રહ્મ૦ ૫
બક શોભે નહીં હંસ વિષે તેમ, બ્રહ્મચારીમાં અબ્રંભ;
મંત્ર તંત્ર નવ ફળે ચિંતવ્યું, કરે કુશિલીયો દંભ,
જગમાં અપયશ પામે— બ્રહ્મ૦ ૬
દશ શિર રાવણના રણ રઝળ્યા, કામથી કીધો અન્યાય;
સીતા સતીના શીળ મહિમાથી, બળતી ચિતા જળ થાય,
ન્યાયથી રામ ગવાય— બ્રહ્મ૦ ૭
નારી વદન સરોવર બુડ્યા, તે નરને ધિક્કાર;
મદન મહા જોધ્ધો જે જીત્યા, ધન્ય ધન્ય તે નરનાર,
સાકળચંદ તે ડાહ્યા— બ્રહ્મચારીને પ્રણામ૦ ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ભાવ ધર્મ.

## ( ચંદ્રોદર રાજાની કથા ચાલુ. )

[અનુસંધાન પૃષ્ટ ૨૮૩ થી.]

એ પ્રમાણે આનંદમાં કેટલોક કાળ ગયા પછી રાજકુમારે પોતાને ઘેર જવા માટે વારંવાર રજા માગી, ત્યારે રાજાએ મહાકષ્ટે અશ્રુપાત અટકાવી તેનો યોગ્ય સત્કાર કરી પોતાની પુત્રી સહિત વિદાય કર્યો. પતિની સાથે જતી વખતે પિતાના પાદને પ્રણામ કરી વિનયથી શોભતી પુત્રી આ પ્રમાણે બોલી કે—"હે પિતા ! ધર્મને જાણનાર **ધર્મરૂચિ** નામનો તમારો જે ધર્મામાત્ય છે, તેને ધર્મકથાના વિનોદ માટે મારી સાથે મોકલો." તે સાંભળી રાજાએ કુમારને નિવેદન કરીને તે બાળ બ્રહ્મચારી ધર્મશુદ્ધ ધર્મરૂચિને પુત્રી સાથે મોકલ્યો.

પછી ત્યાગ કરેલા દેશોને દુઃખી કરતો અને આદર કરેલા દેશોને હર્ષ પમાડતો કુમાર અનુક્રમે બન્ને પ્રિયા સહીત પોતાની નગરીમાં આવ્યો. પોતાના પુત્રને આવેલો જોઇને હર્ષિત થયેલા રામ રાજાએ તેની યોગ્યતા જાણી બળાત્કારે રાજ્યાભિષેક કર્યો, અને પોતે દીક્ષા અંગીકાર કરી. પછી ચંદ્રોદર રાજા રાજ્યનો ભાર મંત્રીઓપર નાખીને પોતે રાજપુત્રીમાંજ આસક્ત થઇ ગયો, તેથી વિદ્યાધર પતિની પુત્રીને બોલાવતો નહીં તથા તેની સામું પણ જોતો નહીં. તે વખતે શીલ તથા સદાચરણથી શોભતી તથા સદ્ધર્મ અને સત્કર્મનાજ વિચારથી નિર્મળ એવી રાજપુત્રી વિચાર કરવા લાગી—"પતિની પાણિગ્રહણ કરેલી જેટલી સ્ત્રીઓ હોય તે સ્ત્રીઓનો તેટલા દિવસને આંતરે તે પતિ થાય છે.તેથી બીજી સ્ત્રીના વારાનો લોપ કરીને પોતાની ઉપરના રાગથી પતિ પોતા પાસે આવે તોપણ શીલવતી સ્ત્રીએ ઉપપતિની જેમ તેનો સ્પર્શ કરવો તે પણ યોગ્ય નથી. આ મારા પતિ વિદ્યાધરપતિની પુત્રીના વારાનું નિવારણ કરીને મારીજ ઇચ્છા કરે છે અને મારી પાસેજ રહે છે તેથી મને અતિચાર દોષરૂપ પાપ લાગે છે. માટે કોઈપણ ઉપાયથી સમજાવીને કે બળાત્કારથી પણ તેને તેણીના વારાને દિવસે અહીં આવતા અટકાવવા જોઇએ અને કદાચ આવે તો તેની સામું પણ જોવું ન જોઇએ." આ પ્રમાણે મનમાં નિશ્ચય કરીને એક દિવસ શીલની લીલાને ધારણ કરનારી તે રાજપુત્રીએ પોતાના આવાસમાં આવેલા રાજાને વિનયથી નમ્ર મુખે કહ્યું—"હે ભૂપરત્ન ! મારી નાની બહેન કુલીન, નિષ્કલંક અને રૂપવતી છતાં તેના સામું તમે જોતા પણ કેમ નથી? હે ધર્મને જાણનાર પ્રાણેશ્વર ! આપ જે આ પ્રવૃત્તિ કરો છો, તે ધર્મ પણ નથી, હે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નીતિજ્ઞ ! આ નીતિ પણ નથી, અને હે કુલાચાર જાણનાર પતિ ! આ તમારો કુળાચાર પણ નથી. હે યુક્તિ જાણનાર સ્વામી ! તે પાણીગૃહીતીનું આપ યુક્તિથી પાલન કરો, અને શુદ્ધ ધર્મ, શુદ્ધ નીતિ તથા શુદ્ધ આચારનો વિચાર કરનારા પુરૂષોમાં આપ યશને પામો." ઇત્યાદિ વાણીની રચનાથી ઘણી રીતે યુક્તિપૂર્વક કહ્યા છતાં પણ તેણીના ગુણતરંગો વડે વશ થયેલા રાજાએ તે વાત સ્વીકારી નહીં. ત્યારે અન્ય પુરૂષમાં હૃદય નહીં રાખનારી અને અતુલ મહિમાથી ઉજ્વલ એવી તે રાજપુત્રી એકાંતર દિવસે રાજાને સેવવા લાગી. રૂકિમણીના વારાને દિવસે રાજા તેની પાસે આવતો પરંતુ ધર્મને આધીન થયેલા ચિત્તવડે તે તેની સામું કામરાગવડે જોતી પણ નહીં અને અનેક પ્રકારની ધર્મકથાના આલાપ સમૂહની કળા વડે પ્રત્યાખ્યાન પરાયણ રાજપુત્રી તે રાત્રિનું નિર્ગમન કરતી હતી. તેણીનું સપત્ની ઉપર પણ આવું અપ્રતિમ વાત્સલ્ય અને ઉત્કૃષ્ટ પતિવ્રતાપણું જોઇને રાજા વારંવાર રોમાંચિત થયો અને વિચાર્યું કે "મહિમાના સ્થાનરૂપ અને ચારિત્રની દેવતારૂપ સ્ત્રીઓ અત્યંત શોભે છે, તેવી સ્ત્રીઓનું જે કોઇ વૈમનસ્ય કરે છે ( તેને દુહવે છે ) તેને પાપી જાણવો. માટે હું આ રાજપુત્રીના હર્ષને માટે પણ આ કાર્ય કરૂં" એમ ધારીને તેણે વિદ્યાધર પુત્રી રૂકિમણીને પણ એકાંતરે વારો આપ્યો. સતીઓને વિષે મુખ્ય એવી રાજપુત્રીએ જેણે ધર્મનો અવસર આપ્યો છે એવા રૂકિમણીના વારાના દિવસોને પુણ્યથી પ્રાપ્ત થયેલા માન્યા અને પતિની પ્રીતિને લીધે પોતાના આત્માને ધન્ય માનતી તે પતિવ્રતા પોતાના વારાના દિવસોને પુણ્યના સારથી બનેલા માનવા લાગી. પોતાના વારાને દિવસે પણ રાજાના રાજકાર્યને સમયે તે સતી સુકૃતનીજ ક્રીડાથી પોતાના આત્માને સફળ કરતી હતી.

પૂર્ણ પૂજોપચારના સમૂહવાળી તે સતી ધર્મરૂચિની પાસે જિનેશ્વરની ત્રિકાળ પૂજા કરાવતી હતી અને જિનનાથની પૂજાથી અવશિષ્ટ રહેલાં સુગંધિ પદાર્થોવડેજ તેણી સુકૃતનો વિસ્તાર કરનારા એવા પોતાના અંગભોગને કરતી હતી ( અવશિષ્ટ પદાર્થોને પોતાના શરીર પર ધારણ કરતી હતી). જે વસ્તુ મુનિરાજોને કલ્પતી હતી તથા આહાર કરવા લાયક હતી, તે વસ્તુ તેમને વહોરાવીને પછીજ પોતે તેનો આહાર કરતી હતી અને દૃષ્ટિથી પવિત્ર થયેલા માર્ગેજ (જોઇને) તે ચાલતી હતી. સાતક્ષેત્રનાં મહાદાનના વિસ્તારવાળા ઉત્તમ કાર્યોને તે નિરંતર કરતી હતી, અને બીજાં સાંસારિક કાર્યો તે કરતી અથવા ન કરતી. આ પ્રમાણે શીલ અને દાનને વિષે દ્રષ્ટાંતરૂપ થતી તે સતીને દૂરથી પણ સખીની જેમ મુક્તિસ્ત્રી આલિંગન કરવા ઇચ્છતી હતી. તેણીએ ઉપવાસ, છઠ્ઠ અને અઠ્ઠમાદિક તપોવડે કરીને પોતાના આત્માને શોભિત કર્યો હતો. અને તેવા ધર્મારાધનમાં ધર્મરૂચિ તેણીના બંધુપણાને ધારણ કરતો હતો. તેણી તે પ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિત્ર ધર્મરૂચિને મનથી પિતા અને ભ્રાતા જેવા માનતી હતી, અને તે તેણીને સદા માતા અને ભગિની સમાન ગણતો હતો. ધર્મરૂચિ રાજપુત્રીની અને રાજપુત્રી ધર્મરૂચિની ધર્મક્રિયાનું રક્ષણ કરવા માટે વધારે વખત તો કદાપિ અલગ રહેતાજ નહીં. ધર્મને વિષે શુદ્ધ બુદ્ધિને ધારણ કરતી તે સતી પોતાના વારાનો લોપ કરીને પણ રૂક્મિણીને વિષે પતિ વધારે પ્રેમ કરે એમ ઇચ્છતી હતી.

અહીં રૂક્મિણી તો નિરંતર એવો વિચાર કરતી હતી કે "આ સપત્નીને હું કપટથી અથવા બળાત્કારથી અસત્ય દોષ મુકીને પણ કયારે હેરાન કરૂં?" આ પ્રમાણે અત્યંત દ્વેષવાળી અને નિરંતર અસદ્ધ્યાન કરતી તે રૂક્મિણીએ પોતાની દાસીઓને તેણીના પરકલંક આપવાને માટે કપટ રચના કરવાનું કહી રાખ્યું હતું. 'અસત્પુરૂષોની કુબુદ્ધિને ધિક્કાર છે.'

એકદા રૂક્મિણીની પાસે બેઠેલો રાજા જાળીયામાંથી ધર્મરૂચિને ચૈત્યપરિપાટી કરતો જોઇને સ્પષ્ટ રોમાંચવાળો થઇ બોલ્યો કે—'ધર્મધ્યાનને વિષે આ પટ્ટરાણીના ધર્મબંધુ જેવો બીજો કોઇ પણ પુરૂષ નથી.' આ પ્રમાણે નિષ્કપટપણે રાજા બોલતો હતો, તે વખતે કપટમાં નિશ્ચળ થયેલી રૂક્મિણી સખીઓના મુખ સામું જોઇને નીચું મુખ રાખી કાંઇક હસી. તેઓના મુખપર વિકાર જોઇને વિસ્મય પામેલો રાજા બોલ્યો કે—'શું ધર્મરૂચિના ધર્મનો પણ કદાપિ લોપ થયેલો તમે જોયો છે?' તે સાંભળીને જાણે કાંઇક બોલવાની ઇચ્છાવાળી હોય, તેમ ક્ષણવાર જેમના ઉપલા તથા નીચલા હોઠ કંપાયમાન થઈ રહ્યા છે એવી તેણીની સખીઓ સ્મિત કરતી સતી પરસ્પર જોવા લાગી. પછી તે સખીઓમાંથી એક સખી બોલી કે— "ધર્મરૂચિની ધર્મને વિષે કેવી રૂચિ છે તે તો સમજ્યા! જે આપની પટ્ટરાણીને લોકમાં બહેન કરીને બોલાવે છે, અને એકાંતમાં તો" આ અર્ધું વાકય બોલતાંજ તેણીને ભ્રકુટી ચડાવીને દૃષ્ટિ ફેરવતી રૂક્મિણીએ મસ્તક કંપાવી બોલવાની ના કહી. પરંતુ અર્ધી ઉક્તિથી પણ તેણીના અભિપ્રાયને જાણી જવાથી રાજા બોલ્યો કે— "સૂર્યને વિષે કલંક કહેવાની જેમ આ ધર્મરૂચિના ઉપર દોષનું આરોપણ કરવું તે ધિક્કારવાળું કાર્ય છે. સત્પુરૂષોના ગુણો પણ ઇર્ષ્યાળુ જન પાસે દોષ રૂપ થાય છે. જુઓ ચંદ્રની કાંતિ પણ ચકવાક પક્ષિને દાહ ઉત્પન્ન કરે છે." તે સાંભળીને કોપવડે રક્ત અને ઘૂર્ણાયમાન નેત્રવાળી રૂક્મિણી બોલી કે—"જે જેને વિષે તલ્લીન થયેલ હોય, તે તેને વિષેજ ક્ષીણ થાય છે. એ લોકોક્તિ ખરેખરી છે. અસત્પુરૂષનો દોષ પણ રાગી જનોને ગુણ રૂપ ભાસે છે. કેમકે અંધકાર પણ ઘુવડ પક્ષીને પ્રકાશ આપનાર થાય છે. આ સખીએ જે કહ્યું, તે તમને કદાચ પ્રત્યક્ષ દેખાડું, તોપણ ઇષ્ટપરના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગથી જેની વિવેક દ્રષ્ટિ લુપ્ત થઇ ગઈ છે, એવા તમે સત્ય નહીંજ માનો." તે સાંભળીને પૃથ્વીપતિ બોલ્યો કે—"જ્યાં યુકિતથી અસત્ય ઘટના થતી હોય, ત્યાં કયો બુદ્ધિમાન વિશ્વાસ રાખે ? કેમકે આકાશમાં પુષ્પિત થયેલી લતાને જોઇને કોણ બુદ્ધિમાન તેને ઇન્દ્રજાળ ન કહે ? તોપણ તે ધર્મરૂચિના દૂષણને તમે પ્રત્યક્ષ કરી બતાવશો, તો તે વિષે વિચાર કરીને તેનું કાંઇક કરીશ." ત્યારે રૂક્મિણી બોલી કે—"તેમનું ચરિત્ર આજેજ સાંજે તમને બતાવીશ."

અહીં સૂર્ય અસ્તાચળ પર્વતના મુકુટના મણિરૂપ થયો ત્યારે પટ્ટરાણીએ જિનેશ્વરના પૂજનની તૈયારી કરી. પછી ધર્મરૂચિએ જેને સર્વ ઉપકરણનો ક્રમ બતાવ્યો છે એવી તેણીએ અરિહંતની સાયંકાળની પૂજા કરી. પૂજા સમાપ્ત કર્યા પછી તેણીએ તીર્થંકરની શેષારૂપ પુષ્પની માળાવડે ધર્મરૂચિ પાસે પોતાના મસ્તકની વેણી બંધાવી. સાયંકાળે મહારાણીના મસ્તકપર વેણીની વિચિત્રતાને રચતો તે ધર્મરૂચિ રૂક્મિણીએ જાળીઆ દ્વારા રાજાને બતાવ્યો. તે જોઇને વિવેક રૂપી વૃષભને હણનારો કોપરૂપી ચંડાળ મહા પ્રચંડ થયો, અને જાણે રૂધિરના છાંટાવડે રકત થયાં હોય, તેવા રકત નેત્રોને ધારણ કરતા રાજાએ તત્કાળ તરવાર ખેંચીને તેણીના ગૃહમાં પ્રવેશ કરી પટ્ટરાણીના કેશપાશને તથા ધર્મરૂચિના બન્ને હસ્તને કાપી નાંખ્યા. અને "અરે રે ! તમો બંનેને ધિક્કાર છે કે જેમણે સતીપણાના અને ધર્મિષ્ટપણાના કપટથી મારા ગૃહમાં આવો વિકાર દાખલ કર્યો છે." આ પ્રમાણે બોલતો રાજા તત્કાળ ત્યાંથી નીકળી ગયો. તે વખતે અમૃત જેવી ચાટુ યુકિતવડે રાજાના કોપને શાંત કરતી કપટથી કૃતાર્થ થયેલી રૂક્મિણી તેમને પોતાના ગૃહમાં લઇ ગઈ.

રાજાના ગયા પછી દુઃખરૂપી જળસમૂહની વાપીકા જેવી કલાવતી વિચાર કરવા લાગી કે—"ધિક્! ધિક્! શું પૂર્વે કરેલું કર્મ આજે ઉદય પામ્યું ? પરંતુ એક વાતે મને ઘણો હર્ષ થાય છે કે આ દુષ્કૃત્યની કાંતિવાળા મારા શિરકેશનું છેદન કરવાથી તે કેશો આજે મારાં સ્વર્ગદ્વાર અને મુકિતદ્વાર જે બંધ હતાં, તેને ઉઘાડનાર થયા છે. તોપણ અસત્ય કલંક કરીને જિનેશ્વરના ચરણના નખની કાંતિ જેવું નિર્મળ મારૂં કુળ મલીન થયું, તે મને પરમ દુઃખદાયી છે. વળી અરેરે ! જિનેશ્વરના પાદયુગ્મનું અર્ચન કરવાને યોગ્ય અને ધર્મરૂપી અમૃત સરોવરના કમળની જેવી કાંતિવાળા આ ધર્મરૂચિના બન્ને હાથ શાસનદેવીઓના દેખતાં છતાં એક ક્ષણવારમાં ઉત્કટ સામર્થ્યને ધારણ કરનારા દુષ્કર્મરૂપી હસ્તીએ હરી લીધાં તે પણ ઘણું દુઃખદાયક બન્યું છે." એ વખતે ધર્મરૂચિ તો 'ઇન્દ્ર પણ કર્મની પાસે બળવાન નથી' એમ વિચારીને પોતાના કરછેદનનો કિંચિત્ પણ શોક કર્યા વિના પંચપ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રમેષ્ઠિ નમસ્કારના ધ્યાનમાંજ મગ્ન રહ્યો. પરંતુ દુઃખે કરીને શ્યામ વર્ણવાળી થયેલી પોતાની મુખકાંતિએ કરીને ગૃહમધ્યે રહેલા અતિ ગાઢ અંધકારને વૃદ્ધિ પમાડતી અનુતાપવાળી તે સતી 'હવે શું કરવું ?' તે વિચારથી ચિંતાર્ત થઇ. તે વખતે તેણીએ પોતાની પાસે અકસ્માત્ સૂર્યમંડળની જેવું સ્ફુરણાયમાન એક કાંતિમંડળ જોયું. તે જોઇને 'આ શું'?' એવા વિચારથી સંભ્રાંત થયેલી નૃપપ્રિયાને તે કાંતિમંડળમાં રહેલી દિવ્ય આકારને ધારણ કરનારી કોઇ સ્ત્રીએ કહ્યું કે—"હે ચંદ્રમુખી! હું જિનેશ્વરની **પદ્માવતી** નામની શાસન દેવતા છું, અને જિનેશ્વરના ભક્તોપર ભક્તિવાળી છું. જેઓ જિનેશ્વરની અદ્વિતીય ભક્તિવાળા છે, તેઓના દુઃકૃતની જેમ દુઃખોનો નાશ કરવા માટે હું તેમની પુણ્યલક્ષ્મીની જેમ તેમના સાંનિધ્યનો કદાપિ ત્યાગ કરતી નથી. મારી હાજરી છતાં તમને આવી વિકટ વિડંબના થઇ શકેજ નહીં, પરંતુ શાસનની વિશેષ પ્રભાવનાની ઇચ્છાથી મેં આ વિડંબના સહન કરી છે. માટે ધોયા વિનાજ સ્વતઃ નિર્મળ એવી હે સતી! ધર્મ પ્રભાવના રૂપી જળ વડે દુષ્કર્મરૂપ કાદવ જેવા આ તારા કલંકને હું હમણાંજ ધોઇ નાંખું છું." આવી વાણીવડે ગ્રીષ્મરૂતુથી ઉત્પન્ન થયેલી ભૂમિની ઉષ્ણતાને વૃષ્ટિવડે મેઘશ્રેણી શાંત કરે તેમ તેણીના હૃદયના તાપને શાંત કરીને તે દેવી અંતર્ધાન થઇ ગઇ.

આ તરફ તેજ વખતે રાજાને અકસ્માત્ દરેક રૂંવાડે ભોંકાતી તપાવેલી સોયના સમૂહને પણ જીતનારી એવી મહા પીડા ઉત્પન્ન થઇ. તેથી પરાક્રમમાં ઇન્દ્ર જેવો પણ તે રાજા ગાઢ આક્રંદ કરતો સતો પોતાના જીવિતને પણ દુર્લભ ગણવા લાગ્યો. શરીરની અંદર પ્રવેશ કરતી પીડાઓ વડે જાણે વ્યથા પામતો હોય, તેમ તેનો દિન શબ્દસમૂહ કંઠરૂપી કીનારાનું ઘર્ષણ કરતો સતો મુખમાંથી બહાર નીકળવા લાગ્યો. મુખદ્વારા મોકલેલા અને તીવ્ર વ્યથાને પ્રસિદ્ધ કરતા રાજાના તે શબ્દોએ દૂતની જેમ જઇને દુર રહેલા ઘરોવાળા સચિવોને બોલાવ્યા. પછી તેમણે બોલાવેલા વૈદ્યો જેમ જેમ ઔષધ કરવા લાગ્યા, અને માંત્રિકો મંત્રોચ્ચાર કરવા લાગ્યા, તેમ તેમ રાજાની વ્યથા વૃદ્ધિ પામવા લાગી. અદ્વૈતવાદીના વાદમાં એક જયનુંજ આલંબન કરનારી (જય મેળવનારી) તે રાજાની વ્યથાવડે વ્યથા પામેલા સર્વ જનો આકુળ વ્યાકુળ થઇ ગયા. તે રાજા શય્યામાં કે પૃથ્વીપર, શીત ઉપચારથી કે ઉષ્ણ ઉપચારથી અને મર્દન કરવાથી કે નહીં મર્દન કરવાથી કોઇ પણ પ્રકારે નિવૃત્તિ પામ્યો નહીં. તે વખતે "મનુષ્યોએ અસાધ્ય એવા આ વ્યાધિ ઉપર દેવયોગે કોઇ દેવતા કાંઇ ઔષધ બતાવે તો આ રાજા જીવે." એ પ્રમાણે પોતપોતાના મનમાં વિચાર કરતા લોકોને સાવધાન કરીને આ પ્રમાણે આ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાશ વાણી થઇ કે—" હે લોકો ! જિનેશ્વરની ભક્તિમાંજ એક ચિત્તવાળી અને સેંકડો સતીઓને નમવા લાયક એવી કોઇ પતિવ્રતાના કેશના સ્નાત્ર જળને કોઇ બાળ બ્રહ્મચારી જિનભક્તના હાથે લઇ તે વડે આ રાજાને સ્નાન કરાવશે તો તે વ્યાધિ રહિત થશે." તે સાંભળીને હર્ષિત થયેલા પ્રધાનોએ નગરમાં પ્રખ્યાત એવી જિનભક્ત સતીઓને બોલાવી તથા બાળ બ્રહ્મચારીઓના સમૂહને બોલાવ્યો. તેઓએ અનુક્રમે રાજાને તેવો ઉપચાર કરવા માંડ્યો. પરંતુ તે દરેક ઉપચારવડે રાજાને નરકની પીડાને પણ લજ્જિત પમાડનારી પીડા વધવા લાગી. ત્યાર પછી રાજા જાણે પીડાના મૂર્તિમાન અવયવો હોય એવા, અને ઓષ્ટને પીડા પમાડતા એવા દીન, મંદ અને આતુર અક્ષરોવડે બોલ્યો કે—" વ્યથાને શમન કરવા માટે કરેલા આ ઉપચારોવડે લાભવાળા લોકના લોભની જેમ ઉલટી મારી વ્યથા વૃદ્ધિ પામે છે. માટે હવે તો તેને એમજ રહેવા દો, જે થવાનું હશે તે થશે. હવે હું અને આ પીડા બન્ને ક્રીડા કરીએ છીયે, જોઇએ છીએ શું થાય છે ? " તે સાંભળીને **જિનદાસ** નામના વૃદ્ધ મંત્રીએ કહ્યું કે—" આકાશ વાણી કદીપણ અસત્ય થાય નહિ. પરંતુ આ પૃથ્વીને વિષે ખરી સતીઓ દુર્લભ છે, તો પણ હું તે વિષે વિચાર કરૂં છું, " એમ કહીને ક્ષણવાર સ્તબ્ધ બેસી રહી થોડીવારે સ્મરણનો અભિનય કરીને તે સચિવ રાજા પ્રત્યે બોલ્યો કે—" અહો સ્વામી ! આપની મહારાણીજ જિનધર્મમાં ધુરંધર અને મહાસતી છે, તથા ધર્મરૂચિ પણ ખરેખરો બાળબ્રહ્મચારી છે. તેઓ ઘરમાંજ છતાં આપણે તેવા ગુણોનું અવલોકન બહાર ફોગટ કરીએ છીએ. આ તો કામધેનુ અને કલ્પવૃક્ષ ઘરમાંજ છતાં બહાર ભિક્ષાટન કરવા જેવું થયું. " તે સાંભળીને વ્યથાને આધીન છતાં પણ ખેદ યુક્ત ચિત્તે રાજા બોલ્યો કે—" અરે મંત્રી ! પરસ્પર વિપ્લવતાને પામેલા તે બન્નેની વાતજ ન કરો. " તે સાંભળતાંજ મંત્રી રાજમહેલની બહાર જઇ ચંદ્રને જોઇ અંદર આવ્યો, અને પછી દીપને હસ્તવડે સ્પર્શ કરી બોલ્યો કે—" હે પૃથ્વીપતિ ! હજુ સુધી ચંદ્ર અમૃતમય દેખાય છે, અને અગ્નિ ઉષ્ણ જણાય છે છતાં આપ પવિત્ર એવા તે બન્નેનો વિપ્લવ કેમ કહો છો ? હમણાંજ હું આપને આકાશવાણીમાં કહ્યા પ્રમાણેના જળ સિંચનથી નીરોગ કરીને તે બંન્નેનું અખંડિત શીળ ને સદાચારપણું સિદ્ધ કરી આપું છું. " રાજાએ કહ્યું કે—" હવે એમાં શું બનવાનું છે ? કેમકે મેં દોષની શંકાથી દેવીના કેશપાશને અને ધર્મરૂચિના બન્ને હસ્તને હમણાજ કાપી નાખ્યા છે. " તે સાંભળીને ઘણો ખેદ પામી સચિવ બોલ્યો કે—" અરે મહારાજા ! આ આપે શું કર્યું ? ખરેખર તેઓને અસત્ય શાપ (કલંક) આપવાથીજ આપ આ પાપ (સંકટમાં) પડ્યા જણાઓ છો. તો પણ હું તે દેવીના સ્નાનનું જળ લાવીને છેદાયેલા પણ ધર્મરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિના હાથવડે આપને સિંચન કરાવું છું" એમ કહીને તત્કાળ મંત્રીએ કળાવતી પાસે જઈ મોટા દુઃખના તરંગોથી શ્યામ વદન થયેલી પટ્ટરાણીને મધુર વાણીવડે કહ્યું કે "હે મહાદેવી! તમારી વિડંબનાના પાપથી રાજા મોટા તાપમાં પડ્યા છે. તે તમારા સ્નાત્રજળના સ્પર્શવડે વ્યથા રહિત થાઓ." એમ કહીને પુત્રીના વસ્ત્રને જેમ પિતા આકર્ષે તેમ મંત્રીએ રાજાને થયેલી વ્યથા સાંભળવાથી મહા શોકનું પોષણ કરતી તે મહારાણીના શિરપરના વસ્ત્રને આકર્ષ્યું ત્યાં તો તેણે તેના શિરપર પ્રથમનીજ જેવો કેશપાશ જોયો અને તે વખતે રત્નની પૃથ્વીપર પડેલો કેશપાશ તેના પ્રતિબિંબ જેવો દેખાયો. તે જોઇને "હે દેવી! આ તમારૂં કેવું અદ્ભુત શીલ! કે જેથી છેદાયેલો પણ કેશપાશ તત્કાળ પુનર્જન્મ પામ્યો જણાય છે." આ પ્રમાણે રાણીની સ્તુતિ કરતો તે પ્રધાન દેવીના કેશપાશને ધોઇ તે પાણી સુવર્ણના કુંભમાં લઇને ધર્મરૂચિની પાસે ગયો. તો ત્યાં પણ તેના બન્ને હસ્ત મંત્રીએ અછિન્નજ જોયા, અને રકત કમળની કાંતિને જીતનારા તેના પ્રથમના છેદેલા હાથ ભૂમિપર પડેલા દીઠા. તે જોઇને પ્રધાન બોલ્યો કે "અહો તમારૂં બ્રહ્મચર્ય! અહો તમારૂં નિર્મળ તપ! કે જેથી થયેલા પુણ્યામૃતના સિંચનવડે તત્કાળ આ હસ્તો પલ્લવિત થયેલા જણાય છે. હવે તમે રાજા પાસે આવી તમારા હાથથી દેવીના આ સ્નાન જળવડે રાજાને સિંચન કરો, અને તમને કલંક આપવાથી જેને અસહ્ય વ્યથા ઉત્પન્ન થઇ છે એવા તે રાજાને વ્યથા રહિત કરો." આ પ્રમાણે મંત્રીના કહેવાથી તે ધીમાન ધર્મરૂચિ તે જળનો કુંભ હાથમાં ધારણ કરીને રાજા પાસે જવા ચાલ્યો. તે વખતે દેવકૃત અતિશયથી તે કુંભ ઉપર નિરાધાર છત્ર થયું, સુંદર ચામરો નિરાધાર વીંજાવા લાગ્યા, પુષ્પની વૃષ્ટિ થવા લાગી, જય જયનો શબ્દ થવા લાગ્યો અને આકાશમાં દુંદુભીનો નાદ થવા લાગ્યો. આ પ્રમાણે મહોત્સવ સહિત રાજા પાસે જઇ ધર્મરૂચિએ પોયણાને કિરણોવડે ચંદ્ર સિંચે તેમ તે જળવડે રાજાને સિંચન કર્યું. તરતજ જેમ પવનથી પ્રદિપ્ત થયેલા અગ્નિની જ્વાળાએ કરીને ગૃહમાંથી અંધકાર જતો રહે, તેમ તે જળે કરીને તે વ્યાધિનો સમૂહ જાણે કે થયોજ નહોતો એમ રાજાના શરીરમાંથી જતો રહ્યો.

આ પ્રમાણેના તેમના ચરિત્રના ચમત્કાર રૂપી કલ્લોલના સમૂહથી રાજા ચિરકાળ સુધી ચચળ મુખકમળવાળો રહ્યો. પછી બુદ્ધિમાન ભૂમિપતિ ધર્મરુચિને ખમાવીને પટ્ટરાણીને ખમાવવા માટે રૂક્મિણી સહિત તેણીની પાસે ગયો. અને 'હે દેવી! મારા સર્વ અપરાધ ક્ષમા કર' એમ બોલતા રાજાએ તેણીના હસ્ત પકડ્યા. તે વખતે દેવીના પાદયુગ્મને પકડીને અશ્રુપાત કરતી રૂક્મિણી બોલી કે "હે દેવી! તમારા પાણિગ્રહણ સમયે મેજ તમારા પતિનું હરણ કરાવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું, તમારા મરણની ઇચ્છાથી મેંજ આકાશમાં યુદ્ધ તથા તેમનું શબ દેખાડયું હતું. વળી તમે મારાપર નિરંતર અતુચ્છ વત્સલતા ધારણ કરતા હતા છતાં તમને અસત્ય કલંક આપીને મેંજ તમારી વિડંબના કરાવી, અને દરરોજ તમારૂં અશુભ ચિંતવન કરવાવડે મેં તીવ્ર પાપકર્મ ઉપાર્જ્યું. હવે મારા તે સર્વ અપરાધને હે ક્ષમાવાન્ મહાસતી ! તમે ક્ષમા કરો." તે સાંભળીને મહાદેવી તેણીના પૃષ્ઠપર હાથ રાખીને બોલી કે "હે બહેન ! તેં મારૂં અશુભ શું કર્યું છે? સર્વ જીવો પોતેજ પૂર્વે કરેલાં કર્મોનું ફળ પામે છે."

તે વખતે રાજા તેના હાથ પકડીને પશ્ચાત્તાપ કરી બોલ્યો કે "હે દેવી ! હુંજ તારૂં મૂર્તિમાન અશુભ કર્મ છું, કે જેણે તને આવું અશુભ ફળ આપ્યું. રૂકૂમિણીએ સપત્નીપણાની ઇર્ષ્યાથી અપ્રિય કર્યું, તે તો ઠીક છે; પરંતુ મેં તો પ્રિય છતાં જે આ પ્રિયાને દુઃખી કરી છે, તેજ મને હણી નાખે છે, અકૃત્રિમ પ્રેમવાળી અને હૃદયને પ્રિય એવી સતીની મેં શામાટે વિરાધના કરી ? ધર્મથી બહિર્મુખ એવા મનેજ ધિક્કાર છે. અપૂર્વ પ્રેમ સંબંધનું મેં કેવું પરિણામ આણ્યું ? માટે જેનું ચરિત્ર સાંભળવા લાયક નથી, અને જેનું મુખ પણ જોવા લાયક નથી એવો હું છું."

આ પ્રમાણે રાજા બોલતો હતો, તે વખતે જાણે પ્રિય પતિએ કરેલા અપમાનના સમૂહથી ભારવાળી થઇ હોય, તેમ કલાવતીએ ઊંચું મસ્તકજ કર્યું નહીં. તે વખતે ચંદ્રોદર રાજા સ્થિર ચિત્તે વિચારવા લાગ્યો કે "આ દેવી મારા પર જેટલો ક્રોધ કરે, તેટલો મારા અપરાધના પ્રમાણમાં ઓછોજ છે. તો હવે આ પ્રિયા કયા ઉપાયથી મારા પર પ્રસન્ન થશે ? અથવા તો તેણીની મારે શા માટે ચિંતા કરવી જોઇએ, પ્રથમ તો મારા આત્માનીજ ચિંતા ન કરૂં ? ખરેખર મારી અપ્રસન્નતાને લીધે જ આ દેવી હમણાં અપ્રસન્ન થયેલી છે. કેમકે અગ્નિ પોતેજ દાહ સ્વભાવવાળો હોવાથી પાસેના કાષ્ઠને પણ બાળે છે. તેથી હે આત્મા ! તુંજ નિરંતર હૃદયને વિષે કેમ પ્રસન્નતાને ધારણ કરતો નથી ? કેમકે તારા પ્રસન્ન થવાથી આખું જગત્ પ્રસન્નજ છે. હે ચૈતન્ય ! જો તું તારા હિતનો વિચાર નહીં કરે તો તારો એવો કોણ છે, કે જે તારી પીડાને ધારણ કરીને તારા હિતને કહેશે ? તું એકલોજ કર્મનો કર્તા છે, અને તેનાં ફળનો પણ ભોક્તા છે, બીજા સર્વે સંયોગથી ઉત્પન્ન થયેલા પદાર્થો કર્મના બનાવેલા છે. માતા, પિતા, ભ્રાતા, સ્ત્રી, પુત્ર અને સ્વજનો વિગેરે સર્વે પોતાના સ્વાર્થને માટે જ પીડા પામે છે, પણ તારે માટે કોઇ પણ ચિંતા કરતું નથી. સર્વ પ્રાણીઓને હિતના કારણભૂત જે ગુરૂ મહા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજની દેશના છે, તે સંસારના વ્યવહારમાં તલ્લીન થયેલા એવા તારા આત્મામાં ટકી રહેલી નથી. હે ચેતન! બોલ. તું ભવના પારને શી રીતે પામીશ? તારે હજુ સુધી કેટલાં કર્મ બાકીમાં છે? તારૂં શું સ્વરૂપ છે? અને તું શું ઉદ્યમ કરે છે?" આ પ્રમાણે પ્રશસ્ત ઉજ્વલ ભાવનાને ભાવતાં તે રાજાનું ચિત્ત ચિરકાળ સુધી વૈરાગ્યના રંગથી આત્મસ્વરૂપને વિષે ક્રીડા કરવા લાગ્યું. જેમ જેમ તેનું ચિત્ત જ્યોતિસ્વરૂપ ચેતનને વિષે સ્થિત થયું, તેમ તેમ તે ચિત્તનો આતપને વિષે રહેલા જળબિંદુની જેમ લય થતો ગયો. પછી જ્યારે ચિત્તનો સર્વથા લય થયો, સર્વ ઘાતિ કર્મો ક્ષીણ થયા અને ભવોપગ્રાહી (અઘાતિ) કર્મો દગ્ધ રજ્જુ જેવાં થયા, ત્યારે ચંદ્રોદર રાજા શુભ ધ્યાન રૂપી અમૃતથી સિંચાએલી ભાવના રૂપ લતાના ફળભૂત કેવળ જ્ઞાનને પામ્યો. તે વખતે પદ્માવતી શાસન દેવીએ પુષ્પવૃષ્ટિ પૂર્વક કેવળજ્ઞાનનો મહોત્સવ કર્યો. અને વિધિ પ્રમાણે તેમને મુનિનો વેશ આપ્યો. પછી ચંદ્રોદર મહામુનિ કલાવતી, ધર્મરૂચિ અને જિનદાસ મંત્રીને દીક્ષા આપી, પૃથ્વીપર વિહાર કરી, તત્ત્વનો પ્રકાશ કરી, છેવટે અનશન ગ્રહણ કરી, માસને અંતે પવિત્ર ભૂમિપર દેહનો ત્યાગ કરી મુક્તિપદને પામ્યા.

દાન, શીળ અને તપરૂપ ધર્મથી રહિત એવો પુરૂષ પણ ભાવધર્મના પ્રભાવથી ચંદ્રોદર રાજાની જેમ મોક્ષને પામે છે. આ કથાનો એ તાત્પર્યાર્થ છે.

॥ इति जावना विषये चन्द्रोदर नृपति कथा ॥

આ કથા અહીં પૂરી થાય છે. આ કથાની અંદર આવેલા અપૂર્વ રહસ્યવાળા વિભાગો સંબંધી કેટલુંક વિવેચન હવે પછીના અંકમાં આપવામાં આવશે.

તંત્રી.

---

# जीवहिंसाकी कमीका एक उपाय.

साम्राट्शिरोमणि श्रीमान् अकबर बादशाहने मुसलमान होकर जी अपनी हिंदु और जैनप्रजाकी दया और धर्मनीति के ध्यान और लोकहितार्थके ज्ञानसे जीवहिंसा बहुत कुछ बंदकरदीथी. और उसके लिये कई उपयोगी नियम जी नियत करदियेथे कि जिनसे साल जरमें कई २ दिन जीवहिंसा और शिकार बंद रहतीथी. उनके सपूतपूत सुसम्राट् जहांगीरने जी उन्हीं नियमोंको अपना आदर्श बनाकर राजसिंहासन पर विराजमान होते ही जीवहिंसाकी बंदीका हु-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



नम जारी कियाथा जिसकी नकल तुजुक[1] जहांगीरसें नीचे लिखी जाती है।

" १ रबीउल अव्वलके महीनेमें जो मेरे जन्मका महीना है १८ तारीखसे उतने दिनों तक जो मेरी उमरके वर्षोंके बराबर हों १ दिनको १ वर्ष मानकर पशुवध बंद करें[2]।

" २ एक हफ्ते (सप्ताह) में दो दिन किसी पशुके प्राण न लिये जावें[3]।

( १ ) बृहस्पतिवारको जो मेरे राज्याभिषेकका दिन है।

( २ ) इतवारको जो मेरे पिताके जन्म और सृष्टिकी उत्पत्तिका दिन है और सूर्य भगवानसे संबंध रखता है. मेरे पिता इस दिन कभीभी मांसका नाम नहीं लेतेथे. १५ वर्षसे अधिक हुये होंगे कि वे बिलकुल मांस खाते ही नहीथे और इन दोनों दिनों (इतवार और गुरुवार) में तो उन्होंने सब लोगोंको मांस खानेका निषेध करदिया था. "

हमने अकबर और जहांगीर बादशाहोंके इसी शिष्टाचारके आधार पर श्रीमान् भारतसम्राट् सप्तम एडवर्ड के राजमुकुट धारण करनेका उत्सव दिल्लीमें होनेसे कुछ पहिले उर्दू अखबारोंमें १ लेख इस विषयका छपवाया था कि इस शुभावसर पर बेजुबान पशुओंकी जीवरक्षाका कुछ प्रबंध होना चाहिये. क्योंकि यह समय अकबर और जहांगीर बादशाहोंके समयसें अच्छी सभ्यता और न्यायनीतिका समजा जाता है. अधिक न हो तो अच्छी कमसे कम उन बादशाहोंके समयके बराबरही जीवहिंसा कम कीजावे और उसके वास्ते वर्षभरमें केवल आठ

---

१ तुजुक जहांगीरी जहांगीर बादशाहकी दिनचर्य्याकी पुस्तक है. जो स्वयं जहांगीरने लिखी है. और उसका हिंदी उल्थाभी मैंने करके छपवा दिया है.

२ इस नियमसे १ वर्षमें १० महीनेसे अधिक जीवहिंसा नहीं होतीथी. जहांगीर ३० वर्षकी अवस्थामें राजसिंहासन पर बैठे थे. ३० दिन तो राज्याभिषेकके पहिले वर्ष जीवहिंसा नहीं हुई फिर उनके राजत्व कालके प्रति वर्ष एकएक दिन बढता गया जिसकी संख्या अंतिम वर्षमें ६० तक पहुंच गइथी.

३ सालभर में ५२ हफतोंके १०४ दिन यहभी पशुओंके अभयदानके थे।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



दिनही इस पुण्यकार्यके लिये मांगेथे जो श्रीमानोंके पुण्य और प्रतापकी वृद्धि के हैं और जिनमें अवश्य इन बेवश मूंगे और लोकोपयोगी पशुओंको जीवदान मिलनेका सुअवसर है ।

( १ ) श्रीमती जारतेश्वरी विक्टोरिया राजरानीके राज्याभिषेकका दिन.

( २ ) जारतसम्राट श्रीमान् सप्तम एडवर्डका जन्म दिन.

( ३ ) श्रीमती राजरानी अलकजेंड्राका जन्म दिन.

( ४ ) श्रीमान् राजकुमार प्रीन्स ऑफ वेल्सका जन्म दिन.

( ५ ) श्रीमान् प्रीन्स कांस्र्ट ( सम्राट के पिता )के निर्वाणका दिन.

( ६ ) श्रीमान् प्रीन्स विक्टर ( जूतपूर्व प्रीन्स ऑफ वेल्स ) के देहांतका दिन.

( ७ ) श्रीमती जारतेश्वरी विक्टोरिया राजरानीके स्वर्गारोहनका दिन.

( ८ ) श्रीमान् सप्तम एडवर्ड जारतसम्राटके राजमुकुट धारणका दिन.

इनके सिवाय प्रजाके धर्म संबंधी दिनोंमें कमसे कम २२ दिनोंकी औरजी प्रार्थना कीथी जिनका ठहराव हिंदू, मुसलमान, ईसाई, जैनी, बौध, सिख और पारसी वगैरा हिंदुस्तानी मतावलंबियोंकी सम्मति पर होनाथा. और इन दिनोंमें शिकारकीजी माफी चाहीथी. और यह अपने या और किसी अपने सजाति मनुष्य मात्रके स्वार्थका काम नहींथा जो स्वीकार हो जाता या अब होजाय तो सालजरमें यों यह १ महीनाजी इन गरीब बेजुबान चाकरी करनेवाले और जगतको लाज पहुंचानेवाले पशुओंके जीवदानका हेतु होकर इस लोक और परलोकमें श्रीमानोंके पुण्य, कीर्ति, जय, यश, राज्य और एश्वर्यकी विशेष वृद्धिका कारण हो ।

जब तो उस नक्कारखानेमें किसीने यह तूतीकी आवाज नहीं सुनी, केवल कइ उर्दु पत्रोंने कुछ अनुमोदन कियाथा. परन्तु जो यह विशेष पुण्य और जीवोंके कल्याणका काम है और जैनधर्म इस पुनीत कामके वास्ते उटमें खडा हुआहै इसलिये मैं यह उचित समजता हूं कि जो जैनसजायें इस प्रश्नको उठावें और अपने समाचार पत्रोंमें इसका आन्दोलन करें और शिष्ट अंग्रेजी पत्रोंमें जी इस विषयके अच्छे अच्छे लेख छपाकर इंग्लिश पब्लीक तक बात पहुंचावे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



और फिर इस धर्मके नेता और मुखीया जी गवर्नमेंटके अफसरोंसें कहा सुनी करें. तो आशाहै कि थोमा बहुत कुछ हो रहे. साहस और परिश्रम करना चाहिये. हमको अपने दिलमें यह जी दृढ विश्वास है कि जैनी सज्जनोंको इस पुण्यकार्यमें लगा हुआ देखकर बहुतसें हिंदु और कुछ सज्जन मुसलमान और पारसीजाइ जी उनके सहमत और सहायक हो जावेंगे ।

दयालु सम्राट् सप्तम एडवर्डका समय इस पुण्य कार्यके वास्ते बहुत अच्छा था. जब श्रीमान् अमीर काबुलने जारतकी यात्रामें हिंदुओंकी खातिरसें इदके दिन दिल्लीमें गोहत्या बंद रखा दीथी तो क्या दयालु सम्राटकी सेवामें नियमपूर्वक प्रार्थनापत्र पहुंचने पर कुछ फल नहीं होता? जरूर होता. क्योंकि यह किसीके स्वार्थकी बात नहींथी केवल बेजुबान पशुओं पर दया करके उनके दीलकी दुआ लेना और अपनी करोडों जारतप्रजाको प्रसन्न करना था. अब श्रीमान् सम्राट पंचम ज्योर्जजी वैसेही दयालु दीनबंधु दीनानाथ और कृपाशील हैं और जारतवासियोंके सौजाग्यसे जनवरी सन१९१२की किसी तारीखको दिल्लीमें पधार कर जारत साम्राज्यका राजमुकुट धारण करनेवाले हैं. जब तक आपकी सेवामें नियमपूर्वक इस प्रार्थनाके पहुंचने पर आशाहै कि जीवहिंसामें कुछ कमी हो. हम चाहते ही क्या हैं? ३६५ मेंसे केवल ३० ही दिन जीवहिंसा नहीं होनेके वास्ते मांगते हैं. जिनमें आठ दिन तो बहुतही जरूरी हैं और ये दिन ऐसे पुनीत हैं कि इंगलिस्तानकी प्रजाजी अपने सम्राट् और राजपरिवारके कल्याणके वास्ते उसमें कजी कुछ आगा पीछा नहीं करेगी. और ईसाई धर्मके पादरीजी उसको पसंद करेंगे. क्योंकि उनके धर्म और महात्मा ईसामसीहके उपदेशोंमें दयाका अंश अति अधिकहै ।

वे आठ दिन ये हैं—

( १ ) श्रीमती विक्टोरियाके जारतेश्वरी होनेका शुज दिन १

( २ ) श्रीमान् सप्तम एडवर्डके जन्म और निर्वाणके दिन २

( ३ ) श्रीमती राजमाता अलक्जेंड्राका जन्म दिन १

( ४ ) श्रीमान् सम्राट् पंचम जॉर्जके जन्म और राजमुकुट धारणके दिन२

( ५ ) श्रीमती महारानी मेरीका जन्म दिन १

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ६ ) श्रीयुत् प्रीन्स ऑफ वेल्सका जन्म दिन ?
इनके सिवाय २२ दिनकी और जी प्रार्थना ऊपर लिखे अनुसार है ।

**देवीप्रसाद.**

---

# ब्रह्मचर्य.

**લેખક—સોની ન્યાલચંદ લક્ષ્મીચંદ, બી. એ. એલ. એલ. બી.**

[ અનુસંધાન પૃષ્ટ ૩૦૩ થી. ]

આ ઉપરથી આપણે જોઇ શકયા કે હાલની તેમજ ભવિષ્યની પ્રજાના ઉત્તમ નૈતિક વર્તન માટે આજુબાજુના સંયોગો ઉપર ઘણુંજ ધ્યાન આપવાની જરૂર છે. ઘણુંખરૂં જેને બાળપણથી જ આ વિષયમાં સારા સંસ્કારો પડેલા હોય છે, તેના ભવિષ્ય વર્તન માટે ઘણી ચિંતા રાખવાનું કારણ રહેતું નથી. આધુનિક પ્રજા કેળવણીના ધોરણોમાં નૈતિક કેળવણીને વધારે પ્રમાણમાં પુષ્ટિ મળવા પ્રયાસ કરે છે, તે યોગ્યજ છે. વડીલોએ પોતાના પુત્ર પુત્રીઓ કેવી સોબતમાં વખત પસાર કરે છે, તે તરફ ખાસ ધ્યાન આપવાની જરૂર છે. વિદ્યાભ્યાસ કેવળ બ્રહ્મચર્ય અવસ્થામાં કરાવવાની વાત તો દૂર રહી પરંતુ અનીતિને રસ્તે ચડ્યા સિવાય, બદફેલીમાં નહિ ફસાતાં તેઓ નીતિમાર્ગમાં રહી ઉત્સાહથી પોતાનો અભ્યાસ આગળ વધારે તેવો પ્રબંધ યોજાવાની જરૂર છે. બોર્ડીંગો, હોસ્ટેલો, સ્ટુડન્ટસ લોજ વિગેરે સંસ્થાઓ વિદ્યાર્થીઓના નૈતિક વર્તન સારાં જળવાઇ રહેવામાં ઘણી સારી મદદ કરે છે. તેના અભાવે મુંબઇ જેવા શહેરમાં નિરંકુશપણે જીંદગી પસાર કરનારા બહાર ગામના વિદ્યાર્થીઓને માટે સ્હેજે કુછંદે ચડી જવાનો સંભવ છે.

સ્વતંત્ર વિચારો, સ્વતંત્ર વર્તન અને સ્વતંત્રતાનોજ પવન ચોમેર પ્રસરાવનારા આ જમાનામાં સદ્ગુણની ખીલવણી અને જાળવણી માટે વિશેષ સાવચેત રહેવાની જરૂર છે. કેળવણીના વિષયમાં ઘણીજ આગળ વધેલી કેટલીએક કોમોમાં કોઇ કોઇ નરરત્નો એવા પણ મળી આવે છે કે, જેઓ વૈરાગ્ય ભાવનાથી નહિ, પરંતુ માત્ર વિવાહિત સ્રીના બંધનથી મુક્ત રહેવાનીજ લાલસાથી લગ્ન કરવાની કડાકુટમાં નહિ ઉતરતાં માત્ર કુંવારી જીંદગીજ ગાળવાની ઇચ્છા રાખે છે, અને તેનું પરિણામ એ આવે છે કે તેમના નૈતિક વર્તનને નામે મોટું મિંડુંજ મુકવું પડે છે. આ સ્થિતિ ખરેખર શોકજનકજ છે. 'વટલી બ્રાહ્મણી તરકડીમાંથી જાય' એ કહેવત અનુસાર માત્ર ' રૂડું લાગે છે એ ધુરે, પરિણામે અતિ ક્રૂર ' એ ગણતરીએ મીઠા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગતા વ્યભિચારના દુર્ગુણમાં સપડાતાં બીજા અનેક દુર્ગુણોને ધીમે ધીમે સ્થાન મળે છે. Birds of a feather flock together ખલકપોત ન્યાયે એક દુર્ગુણની સાથે અનેક દુર્ગુણની હાર પ્રવેશ પામે છે. સારાં કેળવાયેલા મનુષ્યો ઉપર પણ આ દુર્ગુણો પોતાની સત્તા જમાવ્યા વગર રહેતા નથી.

આ દુર્ગુણને વશ થયેલ ગરીબ મનુષ્યો વધારે વગોવાય છે, જો કે પરિણામ તરફ જોતાં તે વગોવાવું તેમને લાભકારક થઇ પડે છે. કારણ કે કવચિત્ તેથી તેને સુધરવાનું પણ બની શકે છે. પરંતુ આગેવાન ગણાતા ગૃહસ્થોની શેહમાં દબાઈ તેમના દુરાચાર માટે તેમને મોઢે કોઇ કહી શકતું નથી. ( જો કે તેમની પીઠ પાછળ તો ભાગ્યેજ તેમની નિન્દા થયા વગર રહે છે. ) અને તેથી તેઓ પોતાના દુર્ગુણોથી બીજાં અજ્ઞાન છે એવા વ્હેમમાં રહી વધારે વધારે ફસાતા જાય છે.

વ્યભિચારની ઉપલક મધુરતાની સાબિતી એ પણ છે કે તદ્દવિષયક વાતોના ગપાટા મારવામાં પણ મોજ—એક પ્રકારનો આનન્દ માનવામાં આવે છે. આ અપ્તરંગી દુનિયામાં એવા પણ મૂર્ખાનન્દો મળી આવે છે કે જેઓ પોતાના રૂપ, સૌન્દર્ય, બળ, સંપત્તિ વગેરે અનેક કારણોથી મોહાંધ થયેલી ભ્રષ્ટ વ્યભિચારી સ્ત્રીઓની સંખ્યા આગળ ધરી પોતાના ઉત્કૃષ્ટ વ્યભિચાર દોષ માટે મગરૂબી—અભિમાન ધારણ કરે છે. તેવા જડ ભરથ પુરૂષોને સહસ્રશઃ ધિઃકાર છે !

આ વિષયની ચર્ચાને અંગે લખવું પડે છે કે ચતુર્થ વ્રતના જે અતિચાર વંદિત્તાસૂત્રની સોળમી ગાથામાં જણાવેલા છે, તેમાં **અપરિગ્રહીઆ ઇતર** એટલે અપ્રતિગ્રહિતા (બીજાએ નહિ ગ્રહણ કરેલી કુંવારી ને વિધવા) અને ઇતર (રખાયત સ્ત્રી ) સ્ત્રી સાથેના સંયોગને અનાચારમાં નહિ લેખતાં માત્ર અતિચારમાંજ ગણાવેલ છે તે માત્ર પરસ્ત્રી ગમનનો ત્યાગ કરનાર માટે છે પરંતુ સ્વદારા સંતોષ વ્રતવાળાને માટે તો તેને અનાચારજ કહેલ છે.

શિષ્ટ જન સમાજ આ દુર્ગુણ તરફ જોઇએ તેટલા પૂરતા ધિક્કારથી જોતો નથી તેનું કારણ શોધતાં એમ પણ જણાય છે કે સરકાર તરફથી કંઇ કંઇ કારણોને લઇને વ્યભિચારના ગુન્હાની વ્યાખ્યા કંઇક સાંકડી રાખવામાં આવી છે. તથા તે ગુન્હાને માટે ફોજદારી કેસ થવામાં પણ કેટલાએક અંકુશો મુકવામાં આવ્યા છે. ( જુઓ ઇન્ડીયન પીનલકોડ કલમ ૪૯૭ તથા ક્રીમીનલ પ્રોસીજરકોડ કલમ ૧૯૯ )

Adultery figures in the penal low of all notions except the English અંગ્રેજ પ્રજા સીવાય બધી પ્રજામાં વ્યભિચાર દોષને ગુન્હો ગણવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં તેને ગુન્હા તરીકે સ્વિકારવામાં આવેલ છે, પરંતુ ઇન્ડીયન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પીનલકોડની કલમ ૪૯૭માં તેની વ્યાખ્યા આપવામાં આવેલી છે તે સર્વદેશીય નથી—કાંઈક સાંકડી છે. વ્યવહારમાં—જન સમાજમાં જે પ્રકારના વ્યભિચારને ગુન્હો ગણવામાં આવે છે તેનો તે વ્યાખ્યામાં સમાવેશ થતો નથી. એટલું તો કબુલ કરવું પડે છે કે નૈતિક નિયમો moral principles ની હદમાં કાયદો (Law) રહી શકે નહીં. કાયદાના વર્તુળ કરતાં નીતિના નિયમોનું વર્તુલ (circle) વધારે વિસ્તિર્ણ—મોટું હોય છે. પરંતુ કાયદાના વર્તુલને બને તેટલું મોટું બનાવવાની જરૂર છે. આ વિષયની વધારે ચર્ચાનો અત્ર પ્રસંગ નથી પરંતુ અત્ર સ્ફુટતાથી કહેવાની મતલબ એ છે કે વેશ્યા સાથેના વ્યભિચારની વાત બાજુ ઉપર મુકીએ તો પણ વિધવા સાથેનો વ્યભિચાર કે જેને આર્યજનસમાજ ઘણુંજ અધમ કૃત્ય સમજે છે તેનો પણ આ વ્યાખ્યામાં સમાવેશ થતો નથી અને આ ગુન્હા માટે ગુન્હેગાર તરીકે વ્યભિચારિણી સ્ત્રીને સાથે સામેલ નહિ રાખતાં માત્ર પુરૂષ ઉપરજ ગુન્હાનું તહોમત રાખી તે સાબીત થતાં તેનેજ સજા કરવામાં આવે છે. અવિવાહિત સ્ત્રી, અગર વિધવા સ્ત્રી, અગર પરણેતર ધણીની મરજીથી પરણેતર સ્ત્રી સાથે સેવવામાં આવેલા વ્યભિચારને ન્યાયની કોર્ટથી સજાને પાત્ર ગુન્હો ગણવામાં આવ્યો નથી[1] આ પ્રકારનો કાયદો આપણા દેશના રીત રીવાજો બરાબર નહિ સમજનાર ને જુદા વિચારોથી દોરાઇ જનાર વિદેશી જનો તરફથી ઘડવામાં આવ્યો છે એટલે વિશેષ ચર્ચાની જરૂર નથી પરંતુ આ પ્રસંગે એટલું જણાવવાની આવશ્યકતા છે કે કવચિત્ આડકતરી રીતે કાયદો અર્ધદગ્ધ લોકોને અયોગ્ય રસ્તા તરફ વલણ કરવામાં ઉત્તેજન આપે છે. દાખલા તરીકે મુદતના કાયદાથી લ્હેણદારોનું લ્હેણું ડુબાડવાની દેણદારોની રહેજે વૃત્તિ થાય છે. આ પણામાં જે એવી માન્યતા છે કે વ્હેલે મોડે આ ભવમાં નહિ તો છેવટ આવતા ભવમાં લ્હેણદારને ઘરે પખાલ લાવી આપનાર બળદનો અગર ખેતર ખેડી આપનાર પાડાનો અવતાર લઇને અથવા અન્ય કોઇ રીતે પણ દેવું ચુકવવુંજ પડશે, અને તે ગણતરીએજ મુદત વીતી જતાં પણ દેવું પતાવી દેવામાં આવે છે. આ માન્યતા તરફ મુદતનો કાયદો બેદરકાર બનાવી ઉલટું દીવાળીયા દેણદારોને લ્હેણદારોનું લ્હેણું ડુબાડવામાં મદદગાર થઇ પડે છે. આવી રીતે ઇન્ડીયન પીનલકોડ વ્યભિચારના વિષયમાં કંઇક છુટછાટ મુકે છે. તે સમયના કાયદાશાસ્ત્રીઓ પણ કબુલ કરે છે કે જન સમાજની ઉન્નતિ સ્ત્રીઓની પવિત્રતા ઉપર અને વિવાહને ધાર્મિક સ્વરૂપે મનાઈ તેના સર્વ પ્રકારના હક સારી રીતે જળવાઈ રહે તેના ઉપર અવલંબીને રહેલી છે. પરસ્પરનાં દંપતીધર્મ એક બીજા યોગ્ય રીતે નીભાવે અને અન્ય કોઇ

---

1 Vide-the Law of crimes by Ratanlal 3 rd edition, pages. 787–788

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેની આડે આવે નહીં તો જ સર્વત્ર વ્યવહારિક શાન્તિ જળવાઇ રહે. આમ છતાં પણ હિંદુ સમાજની કેટલીએક ખાસીયતોને યથાર્થ સમજ્યા વગર જુદા ધોરણ ઉપર દોરવાઇ જઇ તેઓએ તદ્વિષયક કાયદાનું બંધારણ કંઇક શિથિલ રાખેલું છે. પરંતુ આ વિષયમાં નીતિના નિયમો કોઇ પણ પ્રકારની છુટ મુકતા નથી.

પુરૂષને એક કરતાં વધારે સ્ત્રીઓ પરણવાની આપવામાં આવતી છુટ અને તેને પરિણામે અધમ પુરૂષ તરફથી નવી સ્ત્રી પરણતાં ગરીબ બીચારી યુવાન વયની જુની સ્ત્રીને તજી દેવાનો ઘાતકી રીવાજ વ્યભિચાર વૃધ્ધિનો મુખ્ય હેતુ છે. Polygamy એક કરતાં વધારે સ્ત્રી પરણવાનો રીવાજ સમુદાયને કેટલું નુકશાન કરે છે, તેથી સ્ત્રીઓના હક ઉપર કેટલી ત્રાપ મારવામાં આવે છે, તેથી કામાંધ પુરૂષોનું અધમ પ્રકારનું સ્વાર્થીપણું કેટલું બધું જણાઇ આવે છે તથા આ રીવાજ આર્યબંધુઓનાં ઉચ્ચ નૈતિક વર્તન માટે કેટલો બધો વસવસો ઉત્પન્ન કરે છે વિગેરે બાબતોનો ખ્યાલ આપવો બુધ્ધિમાનને મુશ્કેલ નથી.

સ્ત્રીઓની પવિત્રતા સાચવવા જેટલા ઉપાયો યોજવામાં આવે છે તેટલા બલકે તેથી વધારે ઉપાયો પુરૂષોની પવિત્રતા જળવાઇ રહેવા શા માટે ન યોજાવા જોઇએ? સમષ્ટિના અંગભૂત દરેક વ્યકિત–પુરૂષ અગર સ્ત્રીનું વર્તન એવું હોવું જોઇએ. તેણે હદમાં રહીને પોતપોતાના હકો એવી રીતે ભોગવવા જોઇએ કે જેથી બીજા કોઇનાં હકમાં નુકશાન ન થતાં સમષ્ટિનું બંધારણ મુદ્દલ શિથિલ થવા પ્રસંગ આવે નહિ. પરસ્ત્રી સેવનમાં દોષ સમજવામાં ન આવે તો એક બીજા પોતાની સ્ત્રી તરફનું અવિભક્ત પ્રેમનું સંપૂર્ણ સુખ કઇ રીતે મેળવી શકે? નજીકના પ્રાચિન સમયમાં વ્યભિચારના ગુન્હા માટે એવી સખત સજા કરવામાં આવતી હતી કે તે ભવિષ્યમાં થતા તેવા ગુન્હા અટકાવવાને માટે ઘણી ઉપયોગી થઇ પડતી હતી. Prevention is better than cure અટકાવ એ સુધારા કરતાં વધારે સારો ઉપાય છે. એ નિયમ અનુસાર લંપટપણાના દુર્ગુણોમાં ફસી પડનારને સુધારવો પડે તેના કરતાં તેવા દુર્ગુણમાં તે ફસાયજ નહિ તેને માટે ઉત્તમ કેળવણી, સત્સંગ, અનુકુળ સંયોગો વિગેરેનો પ્રબંધ યોજવાની જરૂર છે.

આ વિષયની ચર્ચામાં ઘણે ભાગે પુરૂષની પ્રધાનતા ગણી તેનાં સંબંધમાં વિવેચન કરવામાં આવેલ છે પરંતુ તે ઘટતી રીતે સ્ત્રીને પણ લાગુ પડી શકે છે. ભર્તૃહરિ જેવા મહાન્ રાજ્યકર્તાની પટરાણી પિંગલાના અનિષ્ઠ વર્તનને અનુસરનાર અનેક સ્ત્રીઓ આ સમયમાં જોવામાં આવે છે, છતાં પણ તેમના પતિઓને 'વિક્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાંચ તંચ મદનંચ ઇમાંચ માંચ ' એમ કહેવા પ્રસંગજ આવતો નથી, તે કંઇક પુરૂષની હૃદયની કઠોરતાજ—લાગણીની શૂન્યતાજ કહી શકાય.

સીતા, દમયંતી, દ્રૌપદી, ચંદનબાળા, અંજના વગેરે અનેક પવિત્ર ચારિત્રવાળી સતી સ્ત્રીઓના જીવન ચરિત્રો શાસ્ત્રકારોએ કથેલાં છે. ગુજરાતી ભાષામાં પણ અત્યારે ઘણી સતી સ્ત્રીઓના રાસો મળી આવે છે. તેના વાંચનનો ફેલાવો દિન પ્રતિદિન વૃદ્ધિ પામતાં અનેક લાભ થવા સંભવ છે. જૈનશાસ્ત્રકારોએ સતી સ્ત્રીઓને એટલી બધી મહત્તા પૂર્વક અગત્યતા આપેલી છે કે તેમના નામ પ્રાતઃસ્મરણીય ગણી ભરહેસરની સઝાયમાં દાખલ કરેલા છે, તેમના નામ માત્રથીજ તેમના ઉત્તમ પવિત્ર ગુણોની હૃદય ઉપર સચોટ છાપ પડે છે, સામાન્ય બોધવાળી સ્ત્રીઓએ તો અનેક વખત આવી સતી સ્ત્રીઓના જીવન ચરિત્રો વાંચવા વિચારવાની આવશ્યકતા છે. અને તેમની પવિત્ર મૂર્તિ હૃદય પાસે ખડી રાખી તેમનાજ વર્તન પ્રમાણે વર્તી સદાચરણી થવાની જરૂર છે.

લૌકીક ગ્રન્થોમાં કહેલું છે કે 'જે નારી પતિવ્રતા છે, પતિ જેની ગતિ છે અને જે પતિના પ્રિય અને હિતકર કામમાં સર્વદા લાગેલી છે તેનો પતિજ આ દુનિયામાં ધન્ય છે, પતિ પરાયણ સ્ત્રીઓનું જીવનજ વ્યવહારિક નજરે સાર્થક માનેલું છે. '

પરસ્ત્રી લંપટ પુરૂષ પ્રતિ ભકત કવિ તુલસીદાસજી કહે છે કે—

' પરમેશ્વર સેં પ્રીત, અરૂ પરનારીસેં હસના;
તુલસી દોનું ના બને, લોટ ખાય અરૂ ભસના. '

યુવાન પુરૂષોએ આ વિષયમાં ઘણુંજ સંભાળવાનું છે.

છેવટમાં ઉપસંહાર કરતી વખતે જણાવવું જોઇએ કે બ્રહ્મચર્ય એ એક એવો સદ્‌ગુણ છે કે તેનું વધારે અને વધારે સેવન કરવાથી લાભમાં અસાધારણ વૃદ્ધિ થતી જાય છે. નીચેના અંગ્રેજી વાકયમાં જણાવ્યા પ્રમાણેની આ ગુણની સ્થિતિ નથી-

Every excellency and every virtue, has its kindred vice or weakness and if carried beyond certain bounds it sinks into the one or the other. Generosity often runs into profusion, Economy into avarice, Courage into Rashness, Caution into Timidity.

" દરેક પ્રકારની ઉત્તમતા અને સદ્‌ગુણને પોતાને મળતોજ દુર્ગુણ અગર નબળાઇ હોય છે અને અમુક હદ ઉપરાંત જો તેને લઇ જવામાં આવે છે તો તે એક અગર બીજા રૂપે પરિણમે છે. ઉદારતા ઘણી વખત ઉડાઉપણામાં બદલાઇ જાય છે, કરકસરતા લોભવૃત્તિમાં, હિંમત અવિચારી સાહસિકપણામાં અને સાવચેતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બીકણપણામાં ઢળી પડે છે. " વળી કોઇ કોઇ સદ્દગુણો એવા હોય છે કે માત્ર તેને આદર પૂર્વક ગ્રહણ કરવાથી તેની સાથે ઘણી વખત સાવચેતી રાખવામાં આવતી નથી તો દુર્ગુણ પણ પ્રવેશ પામી જાયછે. જેમ વિદ્યાની સાથે કવચિત્ અહંકાર આવી જાય છે. પરંતુ બ્રહ્મચર્ય ગુણની સ્થિતિ તદ્દન જુદાજ પ્રકારની છે. બ્રહ્મચર્ય પાળવાથી તો ક્રમે કરીને બીજા ગુણોજ પ્રાપ્ત કરી અક્ષય સુખ મેળવી શકાય છે. જૈન સમુદાયમાં સાધુ અને ગૃહસ્થ ધર્મની વચ્ચે ચતુર્થ વ્રતધારી અસ્તિત્વ ધરાવે છે, તે તે સમુદાયને અભિનંદનનું કારણ છે. દીક્ષાપર્યાયમાં જણાતું શરીર કષ્ટ નહિ સહન થવાથી અગર તો મોહવશાત્ સંસારનો ત્યાગ નહિ થઇ શકવાથી ઘણાં જેનો સર્વથા સ્રીત્યાગરૂપ આ વ્રત ગ્રહણ કરે છે. દીર્ઘદ્રષ્ટિવાળા શાસ્ત્રકારો તરફથી યોજેલી આ યોજના પ્રશંસાને પાત્ર છે. દરેક પુરૂષે અને સ્રીએ આત્મિક સુધારણા તરફ લક્ષ્ય હોય તો આ બ્રહ્મચર્ય ગુણનું ધીરે ધીમે શકિત અનુસાર સેવન કરવાની જરૂર છે. ઐહિક આમુષ્મિક તેમજ મોક્ષ સુખ આ ગુણના સેવનથી મેળવી શકાય છે.

પ્રાન્તે આ વિષયને અંગે ખરી હકીકત રજુ કરવાના પ્રયાસમાં કોઈની પણ લાગણી દુખવવા જેવું થયું હોય અગર શાસ્ત્ર વિરૂધ્ધ લખાયું હોયતો તેને માટે શુધ્ધ હૃદયથી ક્ષમા યાચવામાં આવે છે. ૐ શાન્તિઃ

# સર્વજ્ઞ ધર્મની યોગ્યતા.

( અનુસંધાન પૃષ્ઠ ૩૧૮ થી. )

સદ્ધર્મની યોગ્યતા સંપાદન કરવાના ઇચ્છકને માટે ગુરૂ મહારાજે દશમું વાકય એ કહ્યું છે કે—

परिहर्तव्यो धनादिगर्वः—ધન વિગેરેનો ગર્વ તજી દેવો—કરવો નહીં. અહીં આદિ શબ્દથી ધન ઉપરાંત વિદ્યા, અધિકાર, તપ, ક્રિયા, ઐશ્વર્ય, ઇત્યાદિ અનેક કારણો જે કે અલ્પજ્ઞને મદ ઉત્પન્ન કરેછે, કરે તેવા છે—તેનો ત્યાગ કરવાનું સૂચવેછે. ધનની પ્રાપ્તિ વખતે જે ગર્વિષ્ઠ બને છે, તે તેના વિનાશ વખતે રોવા બેસે છે. પરંતુ તેની પ્રાપ્તિ વખતે જે ગર્વ કરતા નથી, તેઓ દૈવયોગે તેનો વિનાશ થાય તો તેવે પ્રસંગે પણ શોકનિમગ્ન થઇ જતા નથી. વિદ્યાનું અભિમાન કરવાથી તે વધતી અટકે છે. તેનું ફળ વિનયવૃદ્ધિરૂપ બેસવું જોઇએ તે બેસતું નથી. લોકોમાં તેની પ્રશંસાને બદલે નિંદા થાય છે. પ્રશંસા એ ક્રિયાજ પરમુખમાં શોભે છે. સ્વમુખમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોભતી નથી. આત્મપ્રશંસા કરનારાઓ વિદ્વાનોની દૃષ્ટિએ મૂર્ખની પંક્તિમાંજ મુકાય છે. અધિકાર કે ઐશ્વર્યનો મદ પ્રાયે કોઇકનેજ આવતો નથી. જો કે તેનું પરિણામ સારૂં આવતું નથી. લોકોમાં તેવો અધિકારી તોછડો ગણાય છે અને અધિકારપરથી દૂર થાય છે ત્યારે લોકો તેને હલકો ગણી તેની કિંમતમાં શૂન્ય મુકે છે. તપસ્યાદિ કરનારા તેમજ ધાર્મિક ક્રિયા કરનારા પણ કેટલાક અભિમાનના આવેશમાં આવે છે. પોતે બીજાઓ કરતાં વધારે શ્રેષ્ઠ છે એમ માને છે અને મનાવવા ઇચ્છે છે. પરંતુ તેથી તેની શ્રેષ્ઠતા ગણાતી નથી.ગર્વ બીજી પણ અનેક પ્રકારની હાનિ કરે છે. શાસ્ત્રકાર કહે છે કે–**"વિનય શ્રુત તપ, શીલ ત્રિવર્ગ હણે સવે, આન તે જ્ઞાનનો ભંજક હોવે ભવભવે."** માન, અભિમાન, ગર્વ, મદ ઇત્યાદિ પર્યાયી શબ્દોજ છે. ગર્વ કરવાથી વિનય, તપ, શીલ, અને ધર્મ અર્થ ને કામ એ ત્રણે વર્ગ હણાય છે–તેનો નાશ થાય છે અને ભવોભવમાં પણ માન જ્ઞાનનો વિનાશ કરનાર થાય છે. અભિમાની વિનયહીન હોવાથી જ્ઞાન મેળવી શકતો નથી, કારણકે જ્ઞાન મેળવવાનું પરમ સાધનજ વિનય છે. કદિ જ્ઞાન મેળવેલ હોય તો તે પણ અભિમાન કરવાથી આવરિત થઇ જાય છે.ધનનો ગર્વ કરનાર તો તદન મૂર્ખજ ગણાય છે. કારણ કે આ દુનીઆમાં એક બીજાથી અધિક દ્રવ્યવાન અનેક મનુષ્યો હોય છે. જ્યારે પોતાથી અધિક બીજા છે ત્યારે પોતે શેનું અભિમાન કરે છે ? શેનો ગર્વ કરે છે ? એક માણસની કુલ મીલ્કત જેટલી એક દિવસની આયપતવાળા પણ આ દુનીઆમાં હયાત સંભળાય છે, માટે ધનનો ગર્વ જો ધર્મ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો ઉત્તમ પુરૂષે કદાપિ કરવો નહીં. ગર્વિષ્ટ માણસના હૃદયમાં ધર્મ પ્રવેશ કરી શકતો નથી–કરવાને ઇચ્છતો નથી. ધનાદિકનો ગર્વ પરિણામે જેનો જેનો તે ગર્વ કરે છે, તે તે સંબંધમાંજ હીનપણું પ્રાપ્ત કરાવે છે. માટે જો આ ભવમાં કે પરભવમાં ધન, વિદ્યા, ઐશ્વર્ય, અધિકારાદિકમાં વધવું હોય તો ઉત્તમ પુરૂષે તેનો ગર્વ કદિ પણ કરવો નહીં. ધર્મની યોગ્યતા મેળવવાનું એ એક પરમ સાધન છે.

ધર્મની યોગ્યતા સંપાદન કરવાના સંબંધમાં અગીયારમું વાક્ય એ કહ્યું છે કે–

**विधेया दुःखितदुःखत्राणेच्छा**—દુઃખી જનોના દુઃખો દૂર કરવાની ઇચ્છા રાખવી. આ વાક્યમાં 'ઇચ્છા રાખવી' એમ કહ્યું છે, તેટલા ઉપરથી માત્ર ઇચ્છાજ રાખવી એમ સમજવાનું નથી, પરંતુ પોતાની શકિતથી જેના દુઃખનું નિવારણ થઇ શકે તેમ હોય તેના દુઃખનું તો નિવારણજ કરવું. પરંતુ જેનું દુઃખ પોતાથી નિવારણ થઇ શકે તેમ ન હોય તેના દુઃખનું નિવારણ કરવાની ઇચ્છા રાખવા સાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને માટે બનતો પ્રયત્ન કરી અન્ય દ્વારા પણ તેનું નિવારણ કરાવવું. અહીં દુઃખી શબ્દની વ્યાખ્યા બહુ વિચારવા જેવી છે. કેટલાએક મનુષ્યો અતિ દ્રવ્યતૃષ્ણાના કારણથી દુઃખી રહેતા હોય છે, કેટલાએક વિષયતૃષ્ણાના કારણથી દુઃખી રહેતા હોય છે, કેટલાએક પોતાના કબજામાં નહીં તેવી પુત્રાદિકની તૃષ્ણાના કારણથી દુઃખી રહેતા હોય છે, તો તેવા દુઃખોનું નિવારણ કરવાની ફરજ સુજ્ઞ જનોને માથે નથી, પરંતુ જેઓ આજીવિકાના નિમિત્તે દુઃખી થતા હોય, જેઓ શારિરિક વ્યાધિના કારણથી દુઃખી થતા હોય અથવા કોઇ નિષ્કારણ-વિના અપરાધે-વગર વાંકે આવી પડેલી આપત્તિ વિગેરેથી દુઃખી થતા હોય તેમના દુઃખોનું પોતાની શકિત અનુસાર નિવારણ કરવું યા કરાવવું એ સુજ્ઞ જનોની ખાસ ફરજ છે. એવા કાર્યમાં પોતાની શકિત કિંચિત્ પણ ગોપવવા યોગ્ય નથી. જેઓ નિરંતર પરદુઃખ નિવારણ કરવાની ઇચ્છાવાળા હોય છે તેમને તેવી શકિત—તેવા સાધનો સહેજે પ્રાપ્ત થાય છે, પરંતુ જેઓ અન્યજનોના દુઃખોનું નિવારણ કરી શકે તેવી આર્થિક શક્તિવાળા, વ્યાધિ નિવારણ કરવાની પ્રજ્ઞાવાળા અને અન્ય આપત્તિઓનું નિવારણ કરી શકે તેવી લાગવગવાળા હોય, તેઓ જો છતી શક્તિનો તેવા કાર્ય પરત્વે ઉપયોગ કરતા નથી.-શક્તિનો વ્યય તેવા નિમિત્તમાં કરતા નથી તો, તેઓ ક્રમે ક્રમે તેવી શકિત ગુમાવતા જાય છે અને વિર્યાંતરાય કર્મનો બંધ પડવાથી આગામી ભવે તો તેવી શકિત તેને પ્રાપ્ત થતીજ નથી. જેમના હૃદય અત્યંત કોમળ હોય છે તેઓ પારકા દુઃખને જોઇજ શકતા નથી અને તેથી અહર્નિશ તેઓ કોઇપણ માણસના દુઃખનું નિવારણ કરવા તત્પર રહે છે. આવા કોમળ હૃદયમાં, પોચી જમીનમાં જેમ ધાન્યાદિકની નિષ્પત્તિ થાય છે તેમ અનેક ગુણોની નિષ્પત્તિ થાય છે અને તેજ સદ્ધર્મની યોગ્યતા મેળવી શકે છે. માટે સુજ્ઞ જીવે તેને માટે અવશ્ય પ્રયત્ન કરવો.

ત્યાર પછી બારમું વાકય એ કહ્યું છે કે—

**पूजनीया गुरवः**—ગુરૂ મહારાજની પૂજા કરવી. અહીં ગુરૂ શબ્દે પોતાના માતાપિતાદિ વડીલોનું પણ ગ્રહણ કરવું. તેઓ પણ પૂજાને યોગ્ય છે. પૂજાના અનેક પ્રકાર છે. કેશર ચંદન પુષ્પાદિવડે પૂજવા તેજ માત્ર પૂજા નથી, પરંતુ તેમનું બહુમાન કરવું, આદર સત્કાર કરવો, તેમના ગુણોની પ્રશંસા કરવી, અન્ન પાનાદિ વડે યથોચિત ભકિત કરવી કોઈ પ્રકારની ઉપાધિ હોય તો તેનું નિવારણ કરવું, ચિંતા હોય તો તે ટાળવી, સુખના-સમાધિના સાધનો મેળવી આપવાં, સેવામાં તત્પર રહેવું, કોઇ તેનું અબહુમાન કે નિંદા કરતું હોય તો તેનું નિવારણ કરવું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇત્યાદિ અનેક પ્રકાર ગુરૂની અને વડીલોની પૂજા કરવાના છે. ગુરૂ આ ભવ ને પરભવનું હિત કરનારા હોવાથી પરમ ઉપકારી છે. તેઓ જન્મ મરણનો ફેરો ટાળનારા છે. જ્ઞાનદાન વડે અજ્ઞાન અંધકારને દૂર કરનારા છે. મિથ્યાત્વ રૂપ મલિનતાને દૂર કરી આત્માનું શ્રદ્ધારૂપી જળવડે ક્ષાલન કરી તેને નિર્મળ કરનારા છે; સદાચરણવડે ભૂષિત હોઈ આપણને પણ તેવા ભૂષણોવડે ભૂષિત કરનારા છે; તેથી તેમની આજ્ઞાનું પ્રતિપાલન કરનારા અનેક ગુણોનું ભાજન થાય છે. માટે તેમની ભક્તિ, બહુમાન, તેમનો સત્કાર, તેમનું સન્માન, તેમની સેવા, તેમની પૂજા સર્વ પ્રકારે કરવા યોગ્ય છે. પરંતુ તેમાં ઉચિતતાનો વિચાર કરવા યોગ્ય છે. અનુચિત ભકિત સ્વપરની હાની કરે છે. વાસ્તવિક રીતે એનું નામ ભકિત નથી પરંતુ અભકિત છે. અનુચિત ભકિતમાં એક પ્રકારની અંધતા અથવા વિચારશૂન્યતા રહેલી છે. ભકિત તેનું નામ છે કે જે ભક્તિ કરવાવડે આપણો આત્મા નિર્મળ થાય, આપણામાં ગુણોનું આવાહન થાય અને ગુરૂના પણ સત્ય, સંતોષ, શીલ, સદાચાર, ત્યાગ, વૈરાગ્યાદિ ગુણોનું પોષણ થાય—તેની વૃધ્ધિ થાય. જેઓ એવી ઉચિત ભકિત કરેછે, અને જે ગુરૂ ઉચિત ભકિતજ કરવા દે છે તેઓ પરસ્પર ભવસમુદ્ર તરવામાં આલંબનભૂત થાય છે. માતપિતાદિક વડિલોની ઉપર જણાવેલા પ્રકારો પૈકી યોગ્ય પ્રકારોવડે ભકિત–પૂજા કરવી. તદુપરાંત તેમની મર્યાદા જાળવવી, તેમના વચનને ઉપાડી લેવા, તેમની આજ્ઞાનુસાર વર્તવું એની ખાસ જરૂર છે. કારણકે તેથીજ તેઓ પ્રસન્ન રહેછે. અને માતા પિતાદિ વડીલોની પ્રસન્નતાજ પુત્ર પરિવારાદિકની અને ધન ધાન્યાદિકની વૃદ્ધિમાં કારણભૂત છે. જે પુત્રો માતપિતાની ખાનપાનાદિ વડે ભકિત કરે છે પરંતુ તેમની મર્યાદા જાળવતા નથી અને તેમની આજ્ઞાનુસાર વર્તતા નથી તેઓ તેમની પ્રસન્નતા મેળવી શકતા નથી. તમે તેમની આજ્ઞાથી વિરૂદ્ધ વર્તો તો પછી તેમની અનેક પ્રકારે કરેલી ભક્તિ નકામી છે—નિષ્ફળ છે. તેમને પ્રસન્ન કરનારી નથી પણ ખેદ કરાવનારી છે. માટે માતપિતાનો આ ભવ આશ્રી પારાવાર ઉપકાર છે તે ધ્યાનમાં લઈને—તેનો બદલો જીંદગી પર્યંત વાળી શકાય તેમ નથી તે વાત લક્ષમાં રાખીને–સિદ્ધાંતમાં પણ તેને માટે બહુ પ્રકારે કહેવામાં આવ્યું છે તે વાત વિચારમાં લઈને સુપુત્રોએ માતપિતાની ભક્તિ ઉપર કહેલા પ્રકારો વડે અવશ્ય કરવી. જેઓ માતપિતાની તેવા પ્રકારની ભક્તિ કરતા નથી તેઓ સુપુત્ર નથી પણ કુપુત્ર છે. અત્ર એ વિષે વધારે વિસ્તારથી ન લખતાં ટુંકામાંજ કહેવાનું એ છે કે ધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છકે માતાપિતાદિ વડિલોની અને ગુરૂ મહારાજની યથાયોગ્ય પૂજા અવશ્ય કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાર પછી તેરમું વાકય સદ્ધર્મ યોગ્યતાને અંગે એ કહ્યું છે કે—

वंदनीया देवसंघाः દેવ અને શ્રી સંઘની વંદના કરવી. આ વાકયનો અર્થ અનેક પ્રકારે થાય છે. દેવસ્વરૂપ ચતુર્વિધ સંઘને વંદના કરવી અથવા દેવનો સમુદાય—ત્રિકાળમાં થયેલા તીર્થંકર ભગવંતો તેમને વંદના કરવી ઇત્યાદિ. જેઓ પંચપરમેષ્ટિ સ્વરૂપે અથવા ચતુર્વિધ સંઘપણે આપણને વંદના કરવા યોગ્ય છે તેમને અવશ્ય વંદના કરવી. પ્રાતઃકાળમાં અરિહંત પરમાત્માનું સ્મરણ કરવું. ભાવ તીર્થંકરના અભાવે પરમ ઉપકારી એવી તેમની સ્થાપના-જિનબિંબ તેમને વંદના કરવી, તેમની અષ્ટ પ્રકારવડે પૂજા કરવી. તેમનું ધ્યાન કરવું, તેમના નામનો જાપ કરવો, તીર્થાદિ સ્થળોએ જઈ તેમને વંદના કરવી, સંઘ કાઢી અનેક ભવ્ય જીવોને યાત્રાનો લાભ આપવો—એ સર્વ દેવની વંદના છે. ચતુર્વિધ સંઘ પણ પરમ પૂજનિક છે. તેની અંદર ગણધર મહારાજા, પૂર્વધર પુરૂષો, લબ્ધિવંત મુનિમહારાજાઓ, ત્રણ ચાર જ્ઞાનના ધારકો વિગેરેનો સાધુપદમાં સમાવેશ થાય છે. ચારિત્ર ધર્મપાળવામાં તત્પર મહા સતી સાધ્વી સમુદાયનો બીજા પદમાં સમાવેશ છે. બાર વ્રતધારી અથવા એક બે અણુવ્રતાદિના ધારક તેમજ શુદ્ધ સમકિતી શ્રાવક શ્રાવિકાઓનો ત્રીજા ચોથા પદમાં સમાવેશ થાય છે.

આ ચતુર્વિધ સંઘને માત્ર બે હાથ જોડીને વંદના કરવી તેમાંજ આ વાકયના રહસ્યાર્થની સમાપ્તિ થતી નથી, પરંતુ તેમની યથાયોગ્ય રીતે સેવાભક્તિ કરવાનો પણ આ વાકયમાંજ સમાવેશ થાય છે. કારણકે જે વંદના કરવાને યોગ્ય છે તેમની અનેક પ્રકારે ભક્તિ કરવી, તેમની ઉપાધિનું નિવારણ કરવું, તેમને સમાધિમાં સ્થાપન કરવા એ સર્વ તેમાંજ સમાય છે. અને ખરી વંદના પણ ત્યારેજ ગણાય છે. ગુરૂ મહારાજને—સાધુ સાધ્વીને વંદના કરે અને તેમની આહાર પાણીની—વસ્ત્રપાત્રની—ઔષધ વેષધની કે જ્ઞાનાભ્યાસના સાધનો મેળવી આપવાની સંભાળ ન લે—ઉપેક્ષા રાખે તો તે ખરી વંદના કહેવાયજ નહીં. શ્રાવક શ્રાવિકાને વંદના શબ્દે પ્રણામાદિ કરે અને તેમની સુખીદુઃખીપણામાં સંભાળ રાખે. નહીં કે તેમને યથાયોગ્ય સહાય આપે નહીં, યોગ્ય અવસરે તેમની સ્વામીવાત્સલ્યાદિવડે ભક્તિ કરે નહીં તો તે પ્રણામ કહો કે વંદના કહો—લુખાંજ છે—નિઃસાર છે, ઉપલકીયા છે, દેખાડવાના છે. માટે ખરી વંદના—ખરા પ્રણામ ત્યારેજ સમજવા કે જ્યારે તેના સંબંધની પોતાની દરેક પ્રકારની ફરજ બરાબર સમજવામાં આવે. ટુંકામાં દેવ તે અરિહંત અને સંઘ તે સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકારૂપ—તેમને ધર્મની યોગ્યતા મેળવવાના ઇચ્છકે અવશ્ય વંદના કરવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાર પછી ચૌદમું વાકય એ કહેવામાં આવ્યું છે કે—

**सन्माननीयः परिजनः**—પરિજનનું સન્માન કરવું. પોતાના માતૃપક્ષના, પિતૃપક્ષના અથવા અન્ય સર્વ સંબંધીઓનો પરિજનમાં સમાવેશ થાય છે. ભાઈ, બહેન, કાકા, કાકી, મામા, મામી, ફુઈ ઇત્યાદિ અનેક કુટુંબીઓ પરિજન ગણાય છે. તે સર્વનું સન્માન કરવું એટલે યોગ્ય અવસરે તેમનો ખાનપાનાદિવડે સત્કાર કરવો, તેમની આજીવિકા વિગેરેની સંભાળ રાખવી, તેમના દુઃખોનું નિ-વારણ કરવું, તેમને દરેક પ્રકારની સહાય આપવી, તેઓ નિરંતર આપણાપર પ્ર-સન્ન રહે તેવું વર્તન રાખવું. કુળમાં દિપકસમાન મનુષ્ય ત્યારેજ ગણાય છે કે જ્યારે પોતાનાં સર્વ કુટુંબીઓની નિરંતર સંભાળ રાખે છે, અને તેમની યોગ્યતા સાચવે છે. યોગ્ય અવસરે તેમની સલાહ લે છે, અને તદનુસાર વર્તે છે. ધર્મ-ની યોગ્યતા મેળવવા ઇચ્છનાર માણસ પણ જો પરિજનનું—કુટુંબી વર્ગનું સ-ન્માન કરનાર હોય છે તો પછી ધર્મિષ્ટ માણસ તો તેવો હોય તેમાં શું આશ્ચર્ય? પોતે અનેક પ્રકારના સુખ ભોગવે, અને પોતાના ભાઇ ભાંડુ કે કુટુંબીઓ દુઃખમાં ડુબેલા હોય તેની સંભાળ પણ ન લે તેનું સુખ મૂર્ખતાના વિશ્રામભૂત છે, લો-કમાં નિંદનીય છે, અને ધર્મની યોગ્યતાને પણ નષ્ટ કરનાર છે. આ વાત ભલા ભલા પણ ભૂલી જાય છે, પરંતુ તે ભૂલી જવા યોગ્ય નથી. આ નાનું વાકય પણ દુનિયાદારીને માટે–વ્યવહારને માટે–લોક નિંદિત ન થવાને માટે ઘણું ઉપયોગી છે. માટે સુજ્ઞજનોએ અવશ્ય આ વાકયને સ્મરણમાં રાખવું—ભુલવું નહીં.

ત્યાર પછી પંદરમું વાકય ધર્મની યોગ્યતાને માટે એ કહેલું છે કે—

**पूरणीयः प्रणयिलोकः**—પ્રણયિજનો સેવકજનોને પૂરવા–સંતુષ્ટ કરવા. જે પોતાના આશ્રિત ગણાતા હોય, પોતાના નોકર ચાકર હોય, આપણી સાથે સેવ-ક ભાવે વર્તતા હોય, હુકમને આધીન રહેનારા હોય તેવા માણસોને ઈનામ બક્ષીસ વિગેરેથી અથવા પગારમાં વૃદ્ધિ કરવાથી સંતુષ્ટ કરવા તે સુજ્ઞ ગૃહસ્થોની ફરજ છે. જળથી ભરેલા મિષ્ટ જળાશયમાંથી જળ પીવાની સર્વ આશા રાખે છે–ઇચ્છા કરે છે; તેવી રીતે શ્રીમંત અને ઉદાર ગૃહસ્થ તરફની સર્વ આશા રાખે છે. નોકરોની કદર બૂજવી–ખરી અડીને વખતે શારિરિક કષ્ટને અથવા બીજી આગંતુક આપત્તિને ગણુકાર્યા શિવાય–તેની દરકાર કર્યા શિવાય જેણે સેવા બજાવી હોય તેવા માણસની કદર નહીં કરનારા શેઠ બેકદર કહેવાય છે. બેકદરપણું એ મ્હોટો દુર્ગુણ છે. એક વખત જો કદર કરવાની જરૂર છતાં કદર કરવામાં આવતી નથી તો બીજે વખતે તે માણસ અથવા તેનો દાખલો લઈને અન્ય માણસો પણ તેવા બેકદર શેઠનું કામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિલથી કરતા નથી. માટે ધર્મની યોગ્યતા સંપાદન કરવાની ઇચ્છાવાળાએ પોતાના પ્રણુયી જનોને પણ સંતુષ્ટ કરવા.

ત્યાર પછી સોળમું વાકય એ કહેવામાં આવ્યું છે કે—

अनुवर्तनीयो मित्रवर्गः—પોતાના મિત્રવર્ગને પોતાનું અનુવર્તન કરે તેવો કરવો. અર્થાત્ પોતે ઉદારતા, દાક્ષિણ્યતા, ગાંભિર્યતા વિગેરે ગુણો એવા પ્રકારના ધારણ કરવા કે આપણો મિત્રવર્ગ પણ તેનું અનુવર્તન કરે, માણસની પરીક્ષા કરવાના અનેક સાધનો પૈકી તેના મિત્રો કેવા છે? કોણ છે? એ જોવું તે પણ ખાસ સાધન છે. મિત્રોના આચરણોથી આપણા આચરણની કલ્પના બાંધવામાં આવે છે; તેથી ઉત્તમ પુરૂષે મિત્રો પણ એવાજ કરવા જોઈએ કે જેઓ સદાચરણી હોય. મિત્રોનો પરિચય વધારે વખત રહેતો હોવાથી પરસ્પરના સદ્ગુણ યા દુર્ગુણની એક બીજા ઉપર અવશ્ય અસર થાય છે. તેથી જો મિત્રો હલકા હોય, દુર્ગુણી હોય, કંજુસ હોય, કપટી હોય, અપ્રમાણિક હોય, અસદાચારી હોય, ક્રોધી હોય, અભિમાની હોય, દાક્ષિણ્યતા વિનાના હોય, તુચ્છ હૃદયવાળા હોય તો તે તે દુર્ગુણો આપણામાં થોડે અથવા ઘણે અંશે થોડી યા ઘણી મુદતે પણ દાખલ થયા શિવાય રહેતાજ નથી. માટે આપણે એવા સદાચારી થવું કે આપણો મિત્રવર્ગ આપણું અનુવર્તન કરે અને આપણે મિત્રો પણ એવા કરવા કે જેનું અનુવર્તન આપણે કરી શકીએ. આ વાકયની અંદર મિત્ર પ્રત્યેની તમામ ફરજનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેથી માત્ર પરસ્પરના ગુણોનું અનુવર્તન કરવાથીજ આ વાકયના રહસ્યની સમાપ્તિ થતી નથી; પરંતુ મિત્રોનાં સુખ દુઃખમાં સહાયક થવું, આર્થિક મદદ કરવી, શારિરીક આપત્તિના પ્રસંગમાં તેને સમાધિ ઉત્પન્ન થાય તેવા પ્રયોગો કરવા, દરેક પ્રસંગે સારી ને સાચી સલાહ આપવી, ટુંકામાં તેના દુઃખે દુઃખી અને સુખે સુખી થવું. ખરા મિત્ર તેનુંજ નામ છે કે જે એક બીજાના દુઃખે દુઃખી થાય છે. અર્થાત્ જયાં સુધી તેના તે તે પ્રકારના દુઃખોનું નિવારણ થતું નથી ત્યાં સુધી પોતે અંતઃકરણમાં દુઃખીપણુંજ ધારણ કરે છે. મિત્રના સુખે સુખી થવું તે એનું નામ કે તેને સુખી જોઈને [illegible] થવું, આનંદ માનવો, તેને દ્રવ્યાદિકનો લાભ થયેલો જોઈને ખુશી થવું, ઇર્ષ્યા[illegible] દેશવટોજ આપવો. આવા મિત્રો જગતમાં બહુ થોડા દેખાય છે. બહોળે ભાગે [illegible] વાર્થી મિત્રોજ દેખાય છે, કેટલાએક તદ્દન સ્વાર્થી હોતા નથી તો પણ તેઓ [illegible]ના દુઃખે દુઃખી–તેના જેટલુંજ દુઃખ વેદનારા–તે દુઃખ પોતાનેજ છે એમ [illegible] જનારા બહુ અલ્પ સંખ્યામાં દ્રષ્ટિએ પડે છે. મિત્રવર્ગને અનુવર્તનવાળો કરવો [illegible]ની અંદર આ શિવાય બીજું પણ ઘણું રહસ્ય રહેલું છે, પરંતુ જો આટલી ફર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ પણ બજાવવામાં આવે તો સઘળા રહસ્યનો આમાં સમાવેશ થઇ શકે તેમ છે. ધર્મની યોગ્યતા મેળવવા ઇચ્છનારને માટે આ વાકય પણ ઘણું જરૂરનું છે. અપૂર્ણ.

# आठमी जैन श्वेतांबर कोनफरन्स.

સાતમી કોન્ફરન્સ પુનામાં ભરાયા બાદ આઠમી કોન્ફરન્સ અન્ય સ્થળનું આમંત્રણ ન હોય તો ભોયણીમાં ભરવાનું ઠરાવેલું પરંતુ ત્યાર બાદ કેટલીક અગવડો ઉત્પન્ન થવાથી તેનું નિવારણ કરવા અને હવે પછી કોન્ફરન્સ કયાં ભરવી તે મુકરર કરવા તા. ૨૫ મી ડીસેમ્બરે મુંબઇમાં એક આગેવાન ગૃહસ્થોની મીટીંગ ખાસ બોલાવવામાં આવી હતી. તેમાં બીજા કેટલાક ઠરાવો થયા બાદ હવે પછી કયાં કોન્ફરન્સ ભરવી ? તેનો નિર્ણય કરવા અને અગવડો દૂર કરવા એક સ્પેશીયલ કમીટી નીમવામાં આવી હતી. તેમણે એક માસની અંદર પોતાનો રીપોર્ટ રજુ કર્યો, તેને પરિણામે આઠમી કોન્ફરન્સ મુંબઇ ખાતે મળવાનું મુકરર કરવામાં આવ્યું છે. મુંબઇના શ્રી સંઘે એકઠા થઇને તેનો સ્વીકાર કર્યો છે અને રીસેપ્શન કમીટીની નીમનોક કરવામાં આવી છે. તેના પ્રમુખ તરીકે **શેઠ ગુલાબચંદ મોતીચંદ દમણીયા સોલીસીટરને** નીમ્યા છે. ચીફ સેક્રેટરી તરીકે **શેઠ ભોગીલાલ વીરચંદ દીપચંદ** અને **ઝવેરી કલ્યાણચંદ સૌભાગ્યચંદની** નીમનોક કરવામાં આવી છે. બીજા વાઇસ પ્રમુખો નીમવામાં આવ્યા છે. પૃથક્ પૃથક્ કાર્યો કરવા માટે કમીટીઓ પણ નીમાણી છે. હવે કોન્ફરન્સના પ્રમુખ સંબંધી પ્રયાસ ચાલે છે. રા. રા. ગુલાબચંદજી ઢઢા મુંબઇના નિવાસી થવાથી આ અત્યુપયોગી સંસ્થાને સારો ટેકો મળ્યો છે. સર્વે જૈન બંધુઓએ આ આપણી હિતકારિણી સંસ્થાને બનતી સહાય આપવાની જરૂર છે.

# एक निर्णय.

## ઉપદેશમાળાના કર્ત્તા ધર્મદાસગણિ ભગવંતના હસ્તદીક્ષિત શિષ્ય હતા.

આ સંબંધમાં ગયા વર્ષે ઉઠાવેલા પ્રશ્ન ઉપરથી ઘણી ચર્ચા ચાલેલી તેને પરિણામે અમે આ વર્ષના પ્રારંભમાં કબુલ કર્યા પ્રમાણે અમારાથી થયેલો નિર્ણય આ નીચે પ્રગટ કરીએ છીએ.

ઉપદેશમાળાના કર્ત્તા શ્રીમાન્ ધર્મદાસ ગણિ ત્રણજ્ઞાનના ધારક અને શ્રી મહાવીરભગવંતના હસ્ત દીક્ષિત શિષ્ય હતા, તેને માટે નીચે જણાવેલા કારણો ખાસ લક્ષમાં લેવા યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ नमो वीतरागाय.

हेयोपादेयार्थो–पदेशनाभिः प्रबोधितजनाब्जं ।
जिनवरदिनकरमवदलितकुमततिमिरं नमस्कृत्य ॥ १ ॥
गीर्देवताप्रसादित–शास्त्र्यान्मंदतरजन्तुबोधाय ।
जमबुद्धिरपि विधास्ये, विवरणमुपदेशमालायाः ॥ २ ॥ युग्मम्.

अभिधेयादिशून्यत्वादस्या विवरणकरणमनर्थकमिति चेन्न तत्सद्भावात्तथाह्यस्यामुपदेशा अभिधेयास्तद्दानद्वारेण सत्वानुग्रहः कर्तुरनंतरं प्रयोजनं, श्रोतुस्तदधिगमो, द्वयोरपिपरमपदावाप्तिः परंपराफलं । संबंधस्तु उपायोपेयरूपः, सूत्रोपेयं प्रकरणार्थपरिज्ञानं, प्रकरणमुपायोऽतोयुक्तमेतद्विवरणकरणमिति ।

तत्राद्यगाथया शिष्टसमयानुसरणार्थं भावमंगलमाह—

**जगचूडामणिभूओ, उसभो वीरो तिलोयसिरितिलओ ॥**
**एगो लोगाइच्चो, एगो चक्खू तिहुयणस्स ॥ १ ॥**

इयं हि भगवद्गुणोत्कीर्त्तनार्था तस्य निर्जराहेतुतया तपोवन्मंगलता स्फुटैवेति। जगतो भुवनस्य चूडामणिभूतोऽनेनलोकोत्तमत्वमाह । कोऽसौ वृषभः? प्रथम तीर्थकरो वीरश्च। च शब्दस्य लुप्तनिर्दिष्टत्वादेवमुत्तरविशेषणेष्वपि योज्यं। त्रिलोकश्रियो जगत्त्रयकमलायास्तिलको विशेषकस्त्रिलोकश्रीतिलकोऽनेन भुवनभूषकत्वं कथयति । लोक्यत इति लोकः पंचास्तिकायात्मको गृह्यते । तस्यादित्यवदादित्यः । केवलालोकेन प्रकाशकत्वादेकोऽद्वितीयो द्रव्यादित्येन तत्प्रकाशायोगादनेन तु स्वार्थसंपदं दर्शयति । त्रिभुवनस्य लोकत्रयवासिविशिष्टामरनरतिर्यग्रूपस्य चक्षुरिव चक्षुर्यथावस्थितपदार्थविलोकने हेतुत्वात् परार्थप्रयुक्त ध्वनीनां सिंहो माणवक इति न्यायेनेवादि विरहेपि तदर्थगमनादेकमसहायं। द्रव्यलोचन निरीक्षिते बाधादर्शनात् । पुंलिंगनिर्देशस्तु प्राकृतत्वाददुष्टः। अनेन परार्थसंपत्तिमाचष्टे । अथवा वीरे भगवति जीवति सति गुणस्तुतिरियं प्रकरणकारेण काकाचक्रे । ऋषभो जगच्चूडाभूतोऽधुना मुक्तिपदस्थानतया चतुर्दशरज्ज्वात्मकलोकस्योपरिवर्त्तीत्यर्थः । वीरः पुनः प्रत्यक्षोपलक्ष्यमाणतया त्रिलोकश्रीतिलको भुवनलक्ष्मीमंडनमिति भावः । तथाऽनयोर्मध्ये एक ऋषभो लोकादित्यो । युगादौ प्रभात इव विवेक प्रतिबोधद्वारेण पदार्थोद्योतकत्वेन निखिलव्यवहारकारणत्वात् । एकः पुनर्वीरश्चक्षुः त्रिभुवनस्य । इदानींतन जंतुचक्षुर्भूतागमार्थभापकत्वादिति ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—હેય[1] ઉપાદેય[2] અર્થના ઉપદેશવડે કરીને મનુષ્યરૂપી કમળોનો પ્રબોધ કરનાર અને કુમતરૂપી અંધકારનું દલન કરનાર એવા શ્રી જિનેશ્વરરૂપી સૂર્યને નમસ્કાર કરીને હું જડબુદ્ધિવાળો છતાં પણ સરસ્વતી દેવીના પ્રસાદથી પ્રાપ્ત થયેલી ધૃષ્ટતાવડે કરીને મંદતર બુદ્ધિવાળા જંતુઓને બોધ થવા માટે આ ઉપદેશમાળા નામના ગ્રંથનું વિવરણ (ટીકા) કરૂં છું ૧. ૨.

અહીં કોઈ શંકા કરે કે—" આ ગ્રન્થનું અભિધેય વિગેરે ન હોવાથી આનું વિવરણ કરવું નિરર્થક છે. " આ શંકાનું સમાધાન એ છે કે—" આ ગ્રન્થમાં અભિધેયાદિક વિદ્યમાન છે. કેમકે આ ગ્રન્થમાં જે ઉપદેશો છે, તે અભિધેય છે. અને ઉપદેશ આપવારૂપ દ્વારે કરીને પ્રાણીઓનો અનુગ્રહ થાય તે ગ્રન્થકર્તાનું અનંતર પ્રયોજન છે, તથા તે ઉપદેશની પ્રાપ્તિ થાય એ શ્રોતાનું અનંતર પ્રયોજન છે, પરમ પદ (મોક્ષ) ની પ્રાપ્તિ એ બન્નેનું પરંપર પ્રયોજન છે. વળી આ ગ્રન્થનો ઉપાયોપેયરૂપ સબન્ધ છે. પ્રકરણના અર્થનું જ્ઞાન એ ઉપેય છે અને આ પ્રકરણ તેનો ઉપાય છે. માટે આ ગ્રન્થનું વિવરણ કરવું યોગ્ય છે.

હવે શિષ્ટપુરૂષના આચારને અનુસરીને પ્રથમ ગાથાવડે ભાવ મંગળ કહે છે–

મૂળ ગાથાનો અર્થ—ઋષભદેવ સ્વામી જગતના ચૂડામણિરૂપ છે, અને વીર ભગવાન્ ત્રણ જગત્‌ની લક્ષ્મીના તિલકરૂપ છે. તેમાં એક ( ઋષભદેવ ) જગત્‌માં સૂર્યસમાન છે, અને એક ( વીરસ્વામી ) ત્રણ ભુવનના ચક્ષુરૂપ છે. ૧.

ટીકાર્થ—આ ગાથામાં ભગવાનના ગુણનું કીર્તન કર્યું છે. તે ગુણકીર્તન તપની જેમ નિર્જરાનું કારણ હોવાથી સ્પષ્ટ રીતેજ મંગળરૂપ છે. જગત એટલે ભુવનના ચૂડામણિ રૂપ, આમ કહેવાથી ( ઋષભ સ્વામીનું ) સર્વ લોકમાં ઉત્તમપણું કહ્યું છે- એવા કોણ ? વૃષભ સ્વામી—પ્રથમ તીર્થંકર અને વીર સ્વામી. અહીં च શબ્દનો લોપ કરેલો છે, એમ જાણવું. એજ પ્રમાણે ઉત્તર વિશેષણમાં પણ च શબ્દ જાણવો. ત્રિલોકશ્રી એટલે ત્રણ જગતની લક્ષ્મીના તિલકરૂપ. આ વિશેષણવડે શ્રી મહાવીર સ્વામીને ત્રણ ભુવનના ભૂષણરૂપ કહ્યા. જે જોવાય તે લોક એટલે પંચાસ્તિકાય સ્વરૂપ લોક જાણવો. તે લોકના આદિત્ય (સૂર્ય)ની જેમ આદિત્યરૂપ એટલે કેવલાલોકે કરીને પ્રકાશ કરનાર હોવાથી એક—અદ્વિતીય સૂર્યરૂપ છે. કેમકે પ્રત્યક્ષ દેખાતા લૌકિક સૂર્યવડે તે પંચાસ્તિકાયનો પ્રકાશ થઈ શકતો નથી. (તે દેખી શકાતા નથી.) આ વિશેષણવડે ભગવાનની સ્વાર્થસંપત્તિ બતાવી છે. તથા ત્રિભુવન એટલે ત્રણ જગતમાં રહેલા દેવ, મનુષ્ય અને તિર્યંચ તે, સર્વના, યથાસ્થિત પદાર્થોના અવલોકનમાં કારણ હોવાથી ચક્ષુની જેમ ચક્ષુરૂપ છે. અહીં (આદિત્ય અને ચક્ષુ એ બન્ને સ્થળે ) " सिंहो माणवक-સિંહની જેવો માણવક "

૧ ત્યાજ્ય. ૨ અંગિકાર કરવા યોગ્ય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એ ન્યાયવડે કરીને इव જેવા શબ્દોનો વિરહ છતાં પણ તે इव વિગેરે શબ્દોનું ગ્રહણ થઇ શકે છે. આવા એક—બીજાની સહાયતા રહિત એવા ચક્ષુરૂપ વીરસ્વામી છે. દ્રવ્યલોચન એટલે પ્રત્યક્ષ દેખાતાં ચર્મચક્ષુવડે તે પંચાસ્તિકાયના દર્શનમાં બાધ આવે છે. ચક્ષુ શબ્દ નપુંસક લિંગે છતાં ગાથામાં પુલ્લિંગે લખ્યો છે, તે પ્રાકૃત હોવાથી દોષ રહિત છે. આ વિશેષણવડે પરાર્થ સંપત્તિ દેખાડી છે. અથવા **વીર પ્રભુ જીવતે છતે આ ગુણ સ્તુતિ પ્રકરણકારે કરેલી છે.** ઋષભસ્વામી જગતના ચૂડામણિ રૂપ એટલે હાલ મોક્ષસ્થાનમાં રહેલા હોવાથી ચૌદ રાજલોકની ઉપર વર્તે છે. અને **વીર સ્વામી તો પ્રત્યક્ષ ઉપલક્ષમાણ હોવાથી એટલે નજરે દેખાતા હોવાથી** વિલોક શ્રી તિલક એટલે ભુવનની લક્ષ્મીના આભૂષણરૂપ છે. તથા આ બન્ને ભગવાનમાં એક—ઋષભદેવ લોકાદિત્ય એટલે યુગની આદિમાં પ્રાતઃકાળ જેવા છે. કેમકે તે ભગવાન વિવેકના પ્રતિબોધ રૂપ દ્વારે કરીને પદાર્થનો ઉદ્યોત કરનાર હોવાથી સમગ્ર વ્યવહારના કારણરૂપ છે. અને એક—વીરસ્વામી ત્રિભુવનના ચક્ષુરૂપ છે. એટલે કે વર્તમાન કાળના પ્રાણીઓના નેત્રરૂપ જે આગમ—શાસ્ત્ર તેના ભાષક—વક્તા છે.[१]

આ ટીકા માંહેનાં અંડર લાઇન કરેલા શબ્દોથી વાચક બંધુઓને ખાત્રી થઇ જ હશે. ટીકાકાર કહે છે કે "વીર ભગવંત જીવતે છતે આ ગુણસ્તુતિ પ્રકરણકારે કરેલી છે–" ફરીને કહે છે કે –"વીર ભગવંત પ્રત્યક્ષ ઉપલક્ષમાણ હોવાથી– નજરે દેખાતા હોવાથી તે ત્રણ લોકની લક્ષ્મીના તિલક રૂપ છે." આ પ્રમાણેના પ્રમાણિક પુર્વાચાર્યના સ્પષ્ટ શબ્દો હોવાથી હવે આ સંબંધમાં કિંચિત્ પણ શંકાને સ્થાન રહેતું નથી. માટે ગયા વર્ષમાં આવેલા પ્રશ્નકારના લેખથી જે જે બંધુઓના હૃદયમાં એ સંબધની શંકા ઉદ્ભવી હોય તેમણે તેનું સમૂળ ઉન્મૂલન કરી નાખવું.

આ સિવાય બીજા પણ આ હકિકતની સાબિતી માટે અન્ય ટીકાઓમાંથી તેમજ ઉપદેશમાળાનાજ શબ્દોથી અનેક આધારો બહુશ્રુતગમ્ય છે. તેમના તરફથી એમ કહેવામાં પણ આવ્યું છે. તો વિશેષ ખુલાસાના ઇચ્છકે તેવા બહુશ્રુતના સમાગમનો લાભ લઇ વધારે ખુલાસા મેળવવા. અમારા ઉપર આવી પડેલી શંકાને નિરાસ કરવાની ફરજ અમે આ લેખ વડે પૂર્ણ કરી છે. અને તેથી આશા છે કે તેવી શંકા કોઇ પણ બંધુના હૃદયમાં રહેશે નહીં.

---

१ આ ટીકાનો મૂળ લેખ મુનિરાજશ્રી કર્પૂરવિજયજી તરફથી મળેલો છે, તેથી તેમનો આભાર માનવામાં આવે છે. આ લેખ સંબંધી ખુલાસાઓ મેળવવા માટે બેચાર વખત માસિક દ્વારા વિનંતિ કર્યા છતાં કોઇ પણ મુનિરાજ તરફથી ખુલાસા લખાઇ ન આવવાથી આ ખુલાસા કાંઇક સંક્ષેપમાં આપવા પડ્યા છે. તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## श्री वर्धमानसूरि विरचित.
### શ્રી વાસુ પૂજ્ય ચરિત્ર મહાકાવ્ય.
### ( સંસ્કૃત પદ્યબંધ. )

આ ગ્રંથ સંસ્કૃતના અભ્યાસીઓને માટે એક આભૂષણ તુલ્ય છે, તેને બનતા પ્રયાસે શુદ્ધ કરીને છપાવવામાં આવેલ છે. છ હજાર શ્લોકના પ્રમાણવાળા આ અત્યુપયોગી ચરિત્રની સુશોભિત પુંઠાથી બાંધેલી બુકની કિંમત પ્રથમ રૂા. ૨॥ રાખી હતી. હાલમાં તેનો વધારે ફેલાવો કરવાના ઇરાદાથી રૂા. ૨) કરવામાં આવી છે. અમારી સભાના સભાસદ માટે રૂા. ૧॥ ઠરાવવામાં આવેલ છે. પોસ્ટેજ ત્રણ આના લાગે છે.

## चउसरण, आउरपच्चखाण, भत्तपरिन्नय, संथारग मूळ.

આ ચારે પયન્નાઓ શ્રાવકને વાંચવા ભણવાનો પણ અધિકાર છે. તે પાઠાંતર સાથે શુદ્ધ કરીને શ્રી પાટણનિવાસી શેઠ હાલાભાઈ મગનચંદની સહાયથી છપાવીને પ્રગટ કરવામાં આવેલ છે. સાધુ સાધ્વીઓને તેમજ જૈનશાળા, કન્યાશાળા, શ્રાવિકાશાળા, જૈન પુસ્તકાલયો વગેરેને ભેટ દાખલ આપવામાં આવનાર છે, ખપ હોય તેણે અમારાપર પત્ર લખવો.

### શ્રીમદ્યશોવિજયજી કૃત સ્વોપજ્ઞ ટીકાયુક્ત.
## द्वात्रिंशत्-द्वात्रिंशिका.

આ અપૂર્વ ગ્રંથ છે. અનેક વિષયોથી ભરપૂર છે. કચ્છ જખૌ નિવાસી શ્રાવિકા દેવલીબાઇની આર્થિક સહાયવડે ગ્રંથાકારે ઘણા ઉંચા કાગળપર છપાવી બહાર પાડેલ છે. પન્યાસજી શ્રી આણંદસાગરજીએ શુદ્ધિને માટે પૂરતો પ્રયાસ કરેલો છે. જૈનપુસ્તકભંડારમાં તથા જૈનશાળા અને પાઠશાળાઓમાં (જ્યાં સંસ્કૃત અભ્યાસ ચાલતો હોય ત્યાં) તેમજ સંસ્કૃતના અભ્યાસી સાધુસાધ્વીને ભેટ તરીકે આપવાનો છે. તેના અભિલાષી સાધુ સાધ્વીએ મંગાવવાની કૃપા કરવી. પુસ્તક ભંડારના રક્ષક વિગેરેએ પોસ્ટેજ ત્રણ આના મોકલીને મંગાવી લેવા તસ્દી લેવી.

## कर्मग्रंथ चार-सटीक.

શ્રી દેવેંદ્ર સુરિ કૃત કર્મગ્રંથ સ્વોપજ્ઞ ટીકા સાથે શેઠ રતનજીભાઇ વીરજી તથા શેઠ જીવણભાઇ જેચંદની આર્થિક સહાયથી અમારા તરફથી છપાવીને બહાર પાડવામાં આવે છે. તેનો પ્રથમ ભાગ ચાર કર્મગ્રંથ જેટલો હાલમાં બહાર પડ્યો છે. તે સંસ્કૃતના અભ્યાસી સાધુ સાધ્વીને ભેટ દાખલ આપવામાં આવશે.તેમજ પુસ્તક ભંડારો માટે અને જે જૈનશાળાઓમાં કર્મગ્રંથ સટીકનો અભ્યાસ ચાલતો હશે તેને પણ ભેટ દાખલ આપવામાં આવશે. તેમણે પોસ્ટેજના ત્રણ આના મોકલીને મંગાવવો. અન્ય ગૃહસ્થો માટે કિંમત રૂ ૧॥ રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## प्रशमरति सटीक.

શ્રી ઉમાસ્વાતિ વાચક કૃત આ ગ્રંથ અન્યઆચાર્યકૃત ટીકા તથા પંજીકા સહિત અમારી તરફથી છપાવીને બહાર પાડવામાં આવેલ છે. આર્થિક સહાય વણથળી નિવાસી સંઘવી હરજીવનદાસ મુળજીએ આપેલી છે. તે પણ સંસ્કૃતના અભ્યાસી મુનિ મહારાજ વિગેરેને તેમજ પુસ્તક ભંડારો માટે અને જૈનશાળાઓમાં ભેટ તરીકે મોકલવાનો છે. ગૃહસ્થો માટે કિંમત રૂ. ૦ાા રાખવામાં આવેલ છે. પોસ્ટેજના બે આના જૈનશાળાવાળાઓએ પણ મોકલવા.

## ઉપદેશ પ્રાસાદ ભાષાંતર ભાગ ૫ મો.

### ( સ્તંભ ૨૦ થી ૨૪ ).

આ અત્યુપયોગી ગ્રંથના આ ભાગમાં ૭૬ વ્યાખ્યાનો આવેલા છે. ગ્રંથ આ ભાગમાં પૂર્ણ થયેલો છે. પ્રાંતે ચોવીશે સ્થંભના ૩૬૧ વ્યાખ્યાનમાં આવેલી તમામ કથાઓની અક્ષરવાર અનુક્રમણિકા આપવામાં આવી છે.. આ ભાગની અંદર જ્ઞાનસારના ૩૨ અષ્ટક ઉપર (૩૮) વ્યાખ્યાનો છે, તપાચાર ઉપર (૧૪) વ્યાખ્યાનો છે. તેમાં દરેક પ્રકારના પ્રાયશ્ચિત્તોનું સ્વરૂપ બહુ સરસ બતાવેલ છે.દરેક વ્યાખ્યાન સાથે પ્રસંગને લગતી કથાઓ આપેલી છે. તેમજ અનેક ઉપયોગી હકીકત સમાવી છે. બાળ જીવને પરમ હિતકારક આ ગ્રંથ છે.સાદ્યંત વાંચવા યોગ્ય છે.ઘણા પ્રયાસ વડે ભાષાંતર કરાવી, સુધારીને છપાવવામાં આવેલ છે. ૫૪ ફારમના આ ભાગની કિંમત રૂ. ૨ ) રાખવામાં આવી છે. પોસ્ટેજ ચાર આના લાગે છે.

## આ વર્ષની ભેટ સંબંધી નિર્ણય.

આ વર્ષ માટે ભેટની બુક ખાસ નવી છપાવવાનું નહીં બની શકવાથી સભા તરફથી પૃથક્ પૃથક્ વખતે છપાયેલી નીચેની બુકો પૈકી કોઇપણ એક બુક ભેટ તરીકે મોકલવાનું ઠરાવવામાં આવ્યું છે. જે ગ્રાહક ખાસ તેમાંની કોઇપણ એક બુક મોકલવા લખશે તો તેને તે બુક મોકલવામાં આવશે. શિવાય ક્રમસર મોકલતાં એમાંની કોઇ પણ એક બુક મોકલવામાં આવશે. માટે જો તેમાંની કોઇ બુકની ખાસ આવશ્યકતા હોય તો પત્ર લખવો.

મોકલવાની બુકોનાં નામ.

| | |
|---|---|
| શ્રી ચંપક શ્રેષ્ઠિ ચરિત્ર. | શ્રી સુરસુંદરી ચરિત્ર. |
| શ્રી રતિસાર ચરિત્ર. | બાર વ્રત ઉપર કથા. |
| શ્રી વત્સરાજ ચરિત્ર. | તેર કાઠીઆની કથા. |
| શ્રી નળ દમયંતિ ચરિત્ર. | શ્રી શુકરાજ ચરિત્ર. |
| શ્રી સ્થૂળભદ્ર ચરિત્ર. | છ મોટી કથાઓ. |

આમાંથી કોઇ પણ એક બુક મોકલવામાં આવશે. જે ગ્રાહકોએ લવાજમ મોકલ્યું નહી હોય તેમને ચૈત્ર શુદિ ૧ થી વેલ્યુપેબલ તરીકે મોકલવાની શરૂઆત કરવામાં આવશે, માટે ત્યાર અગાઉ પત્ર લખવા તસ્દી લેવી.

For Private And Personal Use Only